
# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.16 - Issue 08
August 2023
Price 15/-





અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'મધુરમ' પુસ્તકનું વિમોચન કરતાં બ્ર.કુ. નેહાબેન, લેખિકા ભગિની અલકા ત્રિવેદી, ડૉ. જે.જી.ઓઝા, ટોરન્ટ પાવરના GM કમલેશભાઈ, સુપ્રાટેક લેબના ડૉ. જયદીપભાઈ.




સુરેન્દ્રનગરમાં 'વિશ્વ યોગ દિને' કલેકટર કે.યુ.સંપત IAS, BJP પ્રમુખ ભગિની વર્ષાબેન દોષી, નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા વીરેન્દ્ર આચાર્ય, બ્ર.કુ. હર્ષાબેન તથા સમૂહચિત્રમાં અન્ય મહાનુભાવો.



ભરૂચ શહેર નીલકંઠનગર સેવાકેન્દ્ર ખાતે 'નશા મુક્ત ભારત અભિયાન' કાર્યક્રમમાં પ્રતિજ્ઞા કરાવતા બ્ર.કુ હેમાબેન સાથે હોમગાર્ડના કમાન્ડર ભ્રાતા હિતેશભાઈ ગાંધી, કમાન્ડર ભ્રાતા મનોજભાઈ રાણા, કંપની કમાન્ડર ભ્રાતા સંજયભાઈ કાયસ્થ, બ્ર.કુ. સુનિલાબેન, બ્ર.કુ. ઝવેરભાઈ, બ્ર.કુ. દીપકભાઈ તથા સભામાં પ્રતિજ્ઞા કરતા હોમગાર્ડના યુવા ભાઈ-બહેનો.



નવસારીમાં આયોજીત 'યોગા ડે'નું ઉદ્‌ઘાટન કરતાં સિંધી સમાજના પ્રમુખ નંદલાલ કાંજાની, સીનીયર સીટીઝન ક્લબના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, સિંચાઈ ઈજનેર ભ્રાતા દીપકભાઈ નાયક, બ્ર.કુ. ગીતાબેન.



બાંટવામાં 'વિશ્વ યોગ દિવસે' નગરપાલિકા પ્રમુખ બી.પી. પરમાર, PSI ભ્રાતા કચોટભાઈ, આશા વર્કરના ઈન્ચાર્જ ભગિની અરૂણાબેન વાઘવાણી, યોગ ગ્રુપના પ્રમુખ દાનશ્યામભાઈ, બ્ર.કુ. મધુબેન.



રાજકોટ અવધપુરી ખાતે 'વિશ્વ યોગ દિને' શહેરી વિકાસ ડેપ્યુટી કમિશનર ભ્રાતા અનિલભાઈ ધામેલીયા IAS, ડેપ્યુટી મ્યુ. કમિશનર કંચનબેન, ડેપ્યુટી મેયર વાસંતીબેન, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. રેખાબેન.



સિધ્ધપુરમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસે' IOC ખાતે આયોજીત યોગના કાર્યક્રમમાં સંદેશ આપ્યા આપ્યા બાદ સમૂહચિત્રમાં મેનેજર ભ્રાતા તથા સ્ટાફ સાથે બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. મનોજભાઈ.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૬ ઓગસ્ટ - ૨૦૨૩ અંક : ૦૮

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- તપસ્યામાં બાધક - સૂક્ષ્મ ..................તંત્રી સ્થાનેથી ..04
- પવિત્ર જીવન માટે ઈશ્વરીય પ્રેરણાઓ ..........બ્ર.કુ. સૂર્ય ..08
- રાજયોગિની દાદી પ્રકાશમણિજી ......બ્ર.કુ. આત્મપ્રકાશ ..10
- અમૃતધારા - સ્વચિંતનનું સુખ ............દાદી જાનકીજી ..13
- દાદીજી સાથેનો મારો અનુભવ ..........બ્ર.કુ. ચંદ્રિકાબેન ..14
- પ્રસંગ પરિમલ ..................................................15
- રક્ષાબંધન - ઈશ્વરીય સુરક્ષા................બ્ર.કુ. ગાયત્રી ..16
- દિવ્યદર્શન - સ્વતંત્રતા........................બ્ર.કુ. નંદિની ..18
- સંકલ્પશક્તિ - સિદ્ધિની જનેતા ......બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ..20
- સત્ય અને સ્નેહની સુગંધ ..................બ્ર.કુ. અનિલ ..27
- સફળતાનો આધાર સમય વર્તે .............બ્ર.કુ. ગાયત્રી ..28
- કવિતા - બ્રાહ્મણ જીવન - બિંદુ...........બ્ર.કુ. જૂનાગઢ ..30
- તપોવન - સાદગી યુક્ત વિશેષ સેવાસ્થાન બ્ર.કુ. સુનિલા ..31
- સંગમયુગની શબ્દાવલી .......................................33



**2023ના લવાજમના નવા દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાય છે. તેમને જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. મેમ્બર બનવા લવાજમ જમા કરાવીને જાણ કરવા વિનંતી. લવાજમ ભરવા માટે ફક્ત આપેલ બેંકના ખાતા નંબર જ વાપરવો. કોઈ પણ મોબાઈલ નંબર ઉપર (Gpay કે Paytm) પેમેન્ટ કરવું નહિ.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# તપસ્યામાં બાધક - સૂક્ષ્મ કામનાઓ અને ખરાબ ભાવનાઓ

**મારી સાથે નિરંતર યોગયુક્ત કઈ રીતે રહો**

ભગવાને સ્વયં જ શીખવાડ્યું છે. આ યોગની જ નિરંતર તથા શક્તિશાળી સ્થિતિ તપસ્યા કહેવાય છે. તપસ્યા અર્થાત જેમ તપ કરીને આત્મા ચમકી ઉઠે. આ તપસ્યા માટે મનુષ્યે અનેક વાતોનો, અનેક વિચારોનો, અનેક વૃત્તિઓનો અને અનેક કર્મોનો ત્યાગ કરવાનો હોય છે.

### તપસ્યા અર્થાત

યોગાગ્નિમાં સદાયે તપતા રહેવું. આ અગ્નિ હોવા છતાં પણ ચિત્તને શીતળ બનાવે છે. આ અગ્નિથી પાપ કર્મોનો કચરો સળગીને ભસ્મ થઈ જાય છે. આ એજ યોગ અગ્નિ છે જેના માટે પ્રસિદ્ધ છે કે રુદ્ર જ્ઞાન યજ્ઞમાંથી વિનાશની જ્વાળા પ્રગટ થઈ. અર્થાત યોગની જ્વાળાથી પાપ અને પાપી બંને નષ્ટ થઈ જાય છે.

આ ઘોર તપસ્યાનું અંતિમ વર્ષ છે. એ પણ જો આપણે ચૂકી ગયા તો વરદાનનો સમય એમ જ પસાર થઈ જશે. તો આપણે સ્વયંને પૂછવાનું છે કે આપણે સારામાં સારું શું કરી શકીએ છીએ અને આપણે શું કરી રહ્યા છીએ? તપસ્વી સ્વરૂપમાં આપણને એ સ્પષ્ટ આભાસ થાય છે કે શાંતિ તથા શક્તિનાં કિરણો આપણામાંથી ચારે બાજુ પ્રવાહિત થઈ રહ્યાં છે. હવે આપણે જોઈએ કે આવી સૂક્ષ્મ તપસ્યામાં સૂક્ષ્મ અવરોધો કયા છે.

### સૂક્ષ્મ કામનાઓ

આમ તો સંસારમાં રહેતાં આવશ્યક ઈચ્છાઓ મનમાં ઉઠતી જ રહે છે. ઈચ્છાઓ વિના તો જીવનની એક પણ પળ વીતતી નથી. પરંતુ માનવ મનમાં અનેક બીનજરૂરી તથા સૂક્ષ્મ ઈચ્છાઓ ઉઠીને યોગ અભ્યાસમાં વિઘ્ન જન્માવે છે. આ સૂક્ષ્મ કામનાઓને ઓળખીને આપણે એને સમાપ્ત કરવાની છે.

એક તપસ્વી માટે કાંટાળા તારોની જેમ આ સૂક્ષ્મ ભૌતિક કામનાઓ મનનું ધ્યાન બદલી શકે છે. એનાથી દુઃખોનો જન્મ થાય છે અને સ્વાભિમાનનો નાશ થાય છે. જેમ અધ્યાત્મ પથ પર રાહી ઉન્નતિના માર્ગે આગળ ધપે છે ત્યારે સૂક્ષ્મ કામનાઓ એને ચારે બાજુથી ઘેરી લે છે. આ કામનાઓની વૃદ્ધિ તપસ્યાને મુશ્કેલ બનાવે છે. આ સૂક્ષ્મ કામનાઓ કઈ છે? માનશાનની તથા મહિમાની કામના, જોવાની, સાંભળવાની તથા બોલવાની કામના, ખાવાપીવાની, પહેરવાની કામના, દૈહિક રસોની કામના, બીજાઓના પ્રિય બનવાની કામના, બીજાઓની નજરોમાં આવવાની કામના, સાંસારિક પદાર્થોની ઈચ્છા વગેરે વગેરે સૂક્ષ્મ રસોની ઈચ્છાઓ યોગીના પથમાં બાધક છે. વાસ્તવમાં આ સર્વના સાચા સન્યાસી જ સાચા તપસ્વી બની શકે છે. અર્થાત્ જે સદાયે સંતુષ્ટ છે. જેને ના કોઈ ઈચ્છા છે, ના શોખ છે. તે ઈશ્વરીય પ્રાપ્તિઓમાં મગ્ન છે તે તપસ્વી બનવાનો અધિકારી છે.

### કામનાઓનું મૂળ - કામ

કામના શબ્દનું નિર્માણ કામથી જ થયું છે. કામના કામ + ના અર્થાત જ્યાં કામ નહીં હોય ત્યાં કામના નહીં હોય. વિચારવા જેવી વાત છે કે જેને કામ જેવા ભૌતિક સુખોનો ત્યાગ કરી દીધો તે બીજે ક્યાં સુખ શોધશે. કામનાઓની હોડ મનુષ્યને ફરીથી કામ તરફ પ્રેરિત કરે છે કારણ કે

કામની સૂક્ષ્મ કામના મનને અતૃપ્ત કરે છે અને ફળસ્વરૂપે મનુષ્ય તૃપ્તિ માટે કામનાઓ પાછળ દોડે છે. વાસ્તવમાં જે યોગી કામ ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે, એને અસીમ આત્મિક સુખની પ્રાપ્તિ થવાથી કામનાઓની અવિદ્યા થાય છે અર્થાત સમાપ્ત થાય છે.

## શું અભૌતિક આત્મા ભૌતિક સાધનોથી સંતુષ્ટ થશે?

આજે મનુષ્ય કામનાઓનો ગુલામ બનીને જેટલું એની પાછળ દોડે છે એટલી જ અશાંતિનું આવાહન કરે છે. સત્યતા એ છે કે ભૌતિક પ્રાપ્તિઓથી આત્મા તૃપ્ત થતો નથી. આત્માની કઈ તૃષા છે એને આપણે અનુભવીએ અને એની તૃપ્તિ સ્થૂલ પ્રાપ્તિઓથી થતી નથી, આ સર્વનો અનુભવ છે.

અધ્યાત્મ પથ પર જ્યારે ભૌતિકતાની પ્રાપ્તિ વધારે થવા લાગે છે ત્યારે જો આપણે એને સ્વયંના ઉપયોગમાં લગાવી દીધી તો એનો લાગેલો રસ, તીવ્રતાથી ઈશ્વરીય રસને સમાપ્ત કરી દેશે. એટલે સત્ય તો એ છે કે ભૌતિકતા, તપસ્યા માટે અભિશાપ છે. ભૌતિક સંપન્નતા હોવા છતાં તપસ્વી બનવું એ એક અત્યંત અનાસક્ત આત્મા જ કરી શકે છે. નહીંતર બાકીના સૌ ભૌતિકતાની લહેરમાં તપસ્યાને વહાવી દે છે.

## કામના સામનો કરવા દેતી નથી

કામનાઓ મનની શક્તિને ક્ષીણ કરીને અનેક સમસ્યાઓને જન્મ આપે છે. કામનાયુક્ત મનુષ્ય પોતાના તથા બીજાઓના માર્ગમાં અનેક વિઘ્નો ઊભાં કરી દે છે. એનાથી મન ધીરે ધીરે નબળું પડતું જાય છે. ફલસ્વરૂપ નબળું મન માયાના સૂક્ષ્મ પ્રહારનો સામનો કરી શકતું નથી. જે નિષ્કામ છે તે રાજાની સમાન બળવાન છે જેના ઉપર માયા શત્રુ પ્રહાર કરે છે તો માયાને પરાજિત થવું પડે છે.

## માનની ઈચ્છા - તપસ્વીની કુરુપતા

માનશાન એક એવી મીઠી માયા છે કે મોટે ભાગે લોકો એને આધીન બની જાય છે. જેમ જેમ યોગી આગળ વધે છે, તેમ તેમ માયા પણ રોયલરૂપે સામનો કરે છે. એક ત્યાગી પુરુષ યા ગુપ્ત તપસ્વી યા ગુપ્ત સેવાધારી જ્યારે બીજાઓની મહિમા પ્રત્યક્ષ ફલના રૂપમાં પ્રાપ્ત થતાં જુએ છે તો એનું મન રૂપી સિંહાસન ડોલવા લાગે છે અને તે વિચારવા લાગે છે કે અમને તો કોઈ જાણતું નથી. કદાચ આ માનશાનની સાચી પ્રાપ્તિ છે. પરંતુ જ્યારે મનુષ્યને માન મળી જાય છે તો તેનાથી પણ આત્મા સંતુષ્ટ બનતો નથી.

પરંતુ માનનો સ્વીકાર કરવાથી અહંનો જન્મ થાય છે. જે આંતરિક સુખને લુપ્ત કરે છે. એ સત્ય છે કે સંગમયુગ પર મહિમા થવી તે શ્રેષ્ઠ ભાગ્યની નિશાની છે. મનુષ્યે સદા મહિમાયુક્ત કાર્યો કરવાં જોઈએ. પરંતુ એક સાચા તપસ્વીએ માનની પાછળ નહીં ભાગવું જોઈએ. આ સૂક્ષ્મ કામનાથી તપસ્યાને નષ્ટ નહીં કરવી જોઈએ. એવી કઈ વ્યક્તિ હશે જે મહિમા ના ઈચ્છે, પરંતુ મહિમા આપણા શ્રેષ્ઠ સ્વરૂપની હોય તથા એમાં સત્યતા હોય.

આ વિશ્વમાં સૌથી અધિક મહિમા પરમાત્માની છે. સૌ એમનું મુક્ત કંઠે યશગાન કરે છે પરંતુ શું એમનામાં માનની કામના છે? યા પોતાની મેળે જ એમની મહિમાનો પ્રકાશ, સૂર્યના પ્રકાશની જેમ ચારે બાજુ ફેલાઈ રહ્યો છે જેને કોઈ પણ કાળાં વાદળો ઢાંકી શકતાં નથી. વાસ્તવમાં મનની કામના ભિખારીપણું છે તથા મનનો ત્યાગ મહાદાનીપણું છે.

## મહિમાનો ભોગ લગાવી દો

ઈશ્વરીય મહાવાક્ય છે કે તમે બાળકો આ ધરા ઉપર સૂર્ય સમાન છો અને આ માનશાન છે. દીપકો સમાન, તો તમે આ દીપકોથી સ્વયંને પ્રકાશિત કરવાનો સંકલ્પ ના કરો. સ્વમાનમાં રહો તો માન પડછાયાની જેમ સદાયે તમારી સાથે રહેશે. તો આટલા શ્રેષ્ઠ સ્વભાવમાં રહેનારા તપસ્વીએ આ દીપકોના પ્રકાશમાં અટવાવું જોઈએ નહીં. યોગીઓએ તો લાઈટહાઉસ બનીને અંધકારમાં ભટકેલા વિશ્વને પ્રકાશ આપવાનો છે. જ્યારે પણ માનશાનના અનેક દીપક પ્રાપ્ત થાય તો પોતાના જ્ઞાનસૂર્ય પરમપિતાને એનો ભોગ લગાવી દો. જો આપ સૂર્ય સમાન તેજસ્વી તપસ્વી પણ આ દીપકોની પાછળ દોડતા રહેશો તો આપનું સંપૂર્ણ તેજ પણ સમેટાઈને દીપક સમાન જ બની જશે.

એટલે મહિમા સાંભળીને ફૂલાઈ નહીં જાઓ. બીજાઓને માન આપો. બીજાઓને આગળ ધપાવો. પોતાના મનમાં સર્વશ્રેષ્ઠ શુભ ભાવનાઓનાં બીજ આરોપિત કરો. જેમ કે હું સંપૂર્ણ બનીને સત્વરે પરમપિતાને પ્રત્યક્ષ કરું. હું સર્વપ્રથમ સંપૂર્ણ બનું. હું વિશ્વની સમક્ષ આદર્શ રજૂ કરું હું વિજયી બનું વગેરે વગેરે.

## ખરાબ ભાવનાઓ - દુર્ગતિનો પથ

સદા શિવનાં બાળકો પણ જો બીજાઓ પ્રત્યે ખરાબ ભાવનાઓ રાખે તો વિશ્વનું કલ્યાણ કોણ કરશે તથા આત્માઓને પોતાની શુભ ભાવનાઓનું બળ કોણ આપશે. એક તપસ્વી સાચી યોગ અગ્નિ ત્યારે જ પ્રજ્વલિત કરી શકે છે જ્યારે એના મનમાં ખરાબ ભાવનાઓનો અગ્નિ ભસ્મ થઈ ચૂક્યો હોય. ખરાબ ભાવનાઓ મનને બાળે છે અને બુદ્ધિને દૂષિત કરે છે.

બીજાઓ માટે કુદૃષ્ટિ રાખવી, ખરાબ વિચાર રાખવા, શત્રુતાનો ભાવ રાખવો, બદલાની ભાવના રાખવી, ઈર્ષાભાવ રાખવો, કોઈને નીચા દેખાડવાની યા પછાડવાની ભાવના રાખવી, અસહયોગ, અકલ્યાણ યા વિઘ્ન નાંખવાની ભાવના રાખવી - આ સર્વ ખરાબ ભાવનાઓ છે. તે પહેલાં તો સ્વયંને જ દુર્ગતિના પથ પર લઈ જાય છે. કારણ કે તપસ્વીની તપસ્યાનું બળ વાસ્તવમાં તો આ ભાવનાઓને કારણે નષ્ટ થઈ જાય છે.

આ રીતે ખરાબ ભાવનાઓ પરમાર્થને પણ બગાડે છે વ્યવહારને પણ બગાડે છે, સંબંધને પણ બગાડે છે તથા વાતાવરણને પણ બગાડે છે, સ્વયંની સ્થિતિને અને બીજાઓની સ્થિતિને પણ બગાડે છે. પારસ્પરિક અશાંતિ તથા વેર પણ વધે છે. વાસ્તવમાં ખરાબ ભાવનાઓ રાખવી અર્થાત્ દુઃખોના બીજ વાવવાં. એટલે તપસ્વી ખરાબ ભાવનાઓને જ્ઞાન અગ્નિથી ભસ્મ કરીને શુભ-ભાવનાઓનું બળ પ્રદાન કરે. કારણ કે મનમાં કોઈના પ્રત્યે પણ ખરાબ ભાવનાઓ પેદા થાય છે તો તપસ્યા ભંગ થઈ જાય છે. મન અગ્નિમાં સળગવા લાગે છે અને મન અનેક વિકૃતિઓથી ભરાઈ જાય છે. તેથી શુભભાવના રાખવામાં આપણો કંઈ પણ ખર્ચ થતો નથી તો આ મહાનતાથી સજાવીને તપસ્વી બનીએ.

## કર્મ સંન્યાસથી તપસ્યા નિષ્ફળ

કેટલાયે પુરુષાર્થી કર્મને તપસ્યામાં બાધક સમજીને કર્મ સંન્યાસી બનવા ઈચ્છે છે પરંતુ વાસ્તવમાં કર્મ તથા ઈશ્વરીય સેવા તપસ્યામાં બલદાયક છે. કર્મ સન્યાસ ઈશ્વરીય આજ્ઞા પણ નથી. જો કર્મ તપસ્યામાં બાધક લાગે છે તો એનું કારણ કર્મ નહીં, કર્મોનું કર્તાપણું તથા આસક્તિનો ભાવ છે. અનેકોનો અનુભવ છે કે કર્મ ત્યાગ કરવાથી ધીરે ધીરે કેટલાયે વિકાર

તનમનમાં સુસ્તી લાવી દે છે. કર્મ સંન્યાસથી બૌદ્ધિક વિકાસ પણ અટકી જાય છે અને નક્કર સત્ય છે કે કર્મયોગ વિના કર્માતીત સ્થિતિ આવી શકતી નથી. હા, કર્મોને હળવાં કરી શકાય છે. જીવનમાં વિકર્મોને હળવા કરી શકાય છે. જીવનમાં વિકર્મોનો ત્યાગ હોય, મૂંઝવણો તથા સંઘર્ષોથી મુક્ત રહી શકાય તો તપસ્યા સહજરૂપે સિદ્ધ થશે.

## ભોજન તથા ઊંઘનો સંપૂર્ણ ત્યાગ તપસ્યામાં બાધક

વાસ્તવમાં જે વધારે ખાય છે તેમની પણ તપસ્યા સિદ્ધ થતી નથી અને જેઓ બિલકુલ ખાતા નથી એમની પણ તપસ્યા સિદ્ધ થતી નથી. જેઓ વધુ ઊંઘે છે એમની તથા જેઓ બિલકુલ સૂતા નથી એમની તપસ્યા પણ સિદ્ધ થતી નથી. સંયમ જ સતોપ્રધાનતા છે. નિદ્રાજીત બનવાનો અર્થ ઊંઘને સંયમિત તથા સતોપ્રધાન કરવાનો છે. ઊંઘ અને ભોજનના ત્યાગથી તો ધીરે ધીરે મસ્તિષ્કની ક્ષમતા પણ સમાપ્ત થઈ જશે અને પછી નબળું મસ્તિષ્ક તપસ્યામાં પણ મોટું વિઘ્ન બનશે. કારણ કે યોગ તપસ્યામાં મસ્તિષ્કનું શક્તિશાળી હોવું એટલું જ જરૂરી છે જેટલું જીવન માટે શરીરનું પણ શક્તિશાળી હોવું જરૂરી છે. ભોજનના ત્યાગથી કર્મેન્દ્રિયો શીતળ બનશે નહીં. શીતળતાનો આધાર છે અશરીરીપણું.

## આળસ અહમ, વહેમ - તપસ્યામાં બાધક

આળસનું બીજ પહેલાં મનમાં અંકુરિત થાય છે. પછી તનના રૂપે તે વ્યગ્ર રૂપ ધારણ કરીને મસ્તિષ્કને સુસ્ત અને નબળું બનાવી દે છે. ફલ સ્વરૂપ મન તપસ્યામાં સ્થિર થતું નથી. સુસ્તી બુદ્ધિના વિકાસને રોકે છે જ્યાં બુદ્ધિ દિવ્ય નથી ત્યાં તપસ્યા કેવી. આળસવશ મનુષ્ય એવું વિચારે છે કે કાલથી કરીશું. પરંતુ એ ભૂલી જાય છે કે કાલે પણ તેજ પરિસ્થિતિ હશે જે આજ છે. કાલે ફરીથી એ જ સંકલ્પ આવશે કે કાલથી કરીશું.

આ રીતે બુદ્ધિનો અહં વિવેક શક્તિને નષ્ટ કરી દે છે. આ શક્તિ નષ્ટ થવાથી પ્રબળ ઈચ્છા હોવા છતાં યોગી એકાગ્રચિત્ત બની શકતો નથી અને જે પણ થોડી ઘણી તપસ્યા યોગી કરતો હતો તે પણ અહંકારના છિદ્રથી બહાર નીકળીને નષ્ટ થઈ જાય છે.

વહેમી સ્વભાવ મનને કારણ વગર જ વિચલિત કરે છે. એના મનમાં સદાયે શંકા રહેતી હોય છે. કોઈ પણ બે વ્યક્તિઓને વાતો કરતાં જોતાં એની બુદ્ધિની ગતિ તીવ્ર બની જાય છે. આ સ્વભાવ તપસ્યામાં બાધક છે.

તો આવો, આપણે સર્વ મળીને આ વિઘ્નોને દૂર કરીને તપસ્યાની લહેર ફેલાવીએ. આ તક હાથમાંથી ચાલી ના જાય. આપણે બીજાઓને ના જોતાં આદર્શમૂર્ત બનીએ. કર્મને છોડીને નહીં, કર્મમાં દિવ્યતા લાવીને, મુખને બંધ કરીને નહીં, મુખને દિવ્ય બનાવીને. નયનને બંધ કરીને નહીં, નયનોમાં આત્મીયતા ભરીને, કાન બંધ કરીને નહીં, કાનોમાં ઈશ્વરીય વાણીનો રસ લઈને. આ રીતે આપણે મહાન તપસ્વી બનીએ. સમયનો સંપૂર્ણ લાભ મેળવીએ, ઈશ્વરીય સહયોગનો ભરપૂર ફાયદો ઉઠાવીએ. યાદ રાખો આ સમય ફરીથી આવશે નહીં.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **તમારા પોતાના સ્વભાવ સિવાય કોઈ તમને રીબાવતું નથી. તમારો સ્વભાવ મધુર અને પ્રેમાળ બનાવો.**
- **માન (આદર) મેળવવાનો એક રસ્તો છે કે પહેલા માન આપો.**

# પવિત્ર જીવન માટે ઈશ્વરીય પ્રેરણાઓ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



પવિત્રતાને સૃષ્ટિ પર સૌએ સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. જેમણે સૃષ્ટિ પર આવીને જો કોઈ મહાન કાર્ય કર્યું છે તો જરૂર એમણે પવિત્રતાને જીવનનું અંગ બનાવી હશે. એક સમય એવો હતો જ્યારે મનુષ્યાત્માની સૌથી મોટી ઈચ્છા હતી પવિત્ર જીવન. એ એમના જીવનની શોભા હતી. આજે પણ એ પવિત્રતાની કીમતને જાણો. ફરીથી પવિત્રતાના સાગર આપણા પિતા આપણને જણાવી રહ્યા છે શિક્ષક બનીને સમજાવી રહ્યા છે. સદ્‌ગુરુ બનીને પોતાનાં પાવન બાળકોને બોલાવી રહ્યા છે. જગને પાવન બનાવનાર પરમાત્મા તમને પાવન બનાવવાનો વાયદો દિલથી આપી ચૂક્યા છે. તેથી પાવનતાના અધિકારી મહાન આત્માઓ, પરમાત્માને તમે પવિત્ર બનવાનું દિલથી વચન આપો. પવિત્રતાનું વરદાન તમારા જીવનને મહાન તથા પવિત્ર બનાવવા જ તમને મળ્યું છે. જેઓએ તમારા જીવનને પાવન બનાવવાની ગેરંટી આપી છે એમની આ પ્રેરણા છે.


- તમે પરમ પવિત્ર આત્મા છો તે કદી ના ભૂલો. જેને તમે પ્રાણથી પ્યારા સમજો છો એમનું જ આ વરદાન છે કે તમે પવિત્રતાના અવતાર છો.
- તમે લાંબા સમય સુધી એકલા જ સૃષ્ટિ પર રાજ્ય કર્યું છે તે તમને યાદ આવે છે. તમે સ્વરાજ્ય અધિકારી રહ્યા છો તો તમને કોણ પરાજિત કરી શકે છે? નિશ્ચય બળ ધારણ કરો.
- તમે વિશ્વના માલિકને ગુપ્ત રૂપમાં નવયુગ રચતાં ઓળખી લીધા. તમને કોઈ ના ઓળખે એવું ના બની શકે. પરંતુ ભગવાનની જેમ ગુપ્ત, નિષ્કામ, નિ:સ્વાર્થ કર્મ કરતા રહો.
- કાંટાઓથી ગભરાશો નહીં. કાંટાઓને ફૂલ બનાવતા રહો. પરંતુ ચાલતા તો રહો. રસ્તાના કાંટા એક દિવસે ફૂલ બની જશે. આ કાંટા જ તમને કોટી લોકોમાં કોઈ બનાવી દેશે.
- તમારા પ્રગટાવેલા દીપકને કોઈ તોફાન બૂઝાવી શકતું નથી તો તમે પોતાનાં જ તોફાનોથી શા માટે ગભરાઈ જાઓ છો? યાદ રાખો આ કાળાં દુ:ખોનાં વાદળ તમારું મહત્ત્વ વધારી રહ્યાં છે.
- કૃષ્ણના હાથમાં સ્વર્ગ છે. ભગવાનના હાથમાં તમે છો. કોણ સારું લાગશે? આમ છતાં તમને નશો કેમ નથી રહેતો? ભગવાનના આશીર્વાદથી દુનિયાનું ભલું થાય છે. તે તમને સ્વીકારી ચૂક્યા છે. એમણે પોતાના આશીર્વાદનો હાથ તમારા મસ્તક ઉપર મૂકી દીધો છે. સૌનું હિત ઈચ્છનારાઓ તમને પોતાના હાથની નીચે છૂપાવી રાખ્યા છે. તમારું અહિત કઈ રીતે થઈ શકે છે?
- તમે ભગવાનની સાથે રહેવાનું શીખી લીધું છે. એમની યાદથી જેમને સુખ મળે છે તેઓ કેટલા ભાગ્યવાન છે. જેમની સાથે રહેવાથી પરમસુખ મળે છે તો તમારી સાથે રહેનારાઓને દુ:ખ શા માટે થાય છે. તમે પણ પોતાની સાથેના સર્વને સુખ આપવાનું શીખી લો.

- તમે ઈશ્વરીય યાદ સ્વરૂપ રહો. તે તમારી યાદગારનો આધાર છે. મહાન લક્ષ્ય પર પહોંચવાનું લક્ષ્ય રાખનાર તમે મહાન કર્તવ્ય કરવાનું ભૂલશો નહીં. તમારાં મહાન ચરિત્ર તમારાં ચિત્ર બનાવી રહ્યા છે.
- દુનિયાએ એ પ્રભુ પાસેથી માંગી માંગીને પોતાની ઝોળી ભરી દીધી છે. તમને એમણે બધા અધિકાર સોંપી દીધા. ભંડાર ખોલી દીધા છે. છતાં પણ તમે સફળ શા માટે કહેવાતા નથી? એકવાર પોતાને મળેલા અધિકારોનું પુનરાવર્તન કરો.
- જગના પાલનહાર તમારી પાલના કરવા માટે પોતાનું ધામ છોડીને આવ્યા છે અને તમને 5000 વર્ષનો પ્રેમ એક સાથે આપી રહ્યાં છે. ચાર યુગોનો પ્રેમ એક મિલનમાં આપી રહ્યા છે. તો તમારે કેટલા હષ્ટ પુષ્ટ હર્ષિત રહેવું જોઈએ.
- તમને ભગવાને સ્વયં આવીને કહ્યું છે તમે મારા નયનોનાં નૂર છો. તમે કહી રહ્યા છો - અમે તો હજૂ દૂર છીએ. નૂર દૂર હોઈ શકે નહીં. દૂર રહેનારા સ્વયં સમીપ આવ્યા છે ત્યારે તો તમને જણાવ્યું છે તમે મારા નયનોનાં નૂર છો. સદા પોતાના સ્વમાનના આસન પર વિરાજમાન રહો.
- અહા! તેં પહેલીવાર વિશ્વના માલિક પર વિશ્વાસ કર્યો. જગ તમારા પર પણ વિશ્વાસ રાખશે. તમને કોઈ જાણે એ વિચારવાનું પણ બંધ કરી દો. તમે તો જાની જાનનહારને જાણી લીધા છે. જગત તમને ના જાણે એવું બની ના શકે.
- તમારી ખુશી સંસારનાં બધાં દુઃખો દૂર કરશે. તમે ખુશીઓના સાગરની લહેરોમાં લહેરાતા રહો.
- તમે ધૈર્યતા ધારણ કરો. ત્યારે સર્વનાં કષ્ટ દૂર કરી શકશો. તમારાં જ કષ્ટ રહી ગયાં તો સંસારને સુખી બનાવવાનો વાયદો કલ્પના બની જશે. તમે સર્વ પર સુખ વરસાવો તો વિશ્વ આપણું બની જશે.
- પોતાની મહાનતા જ્યાં જાઓ ત્યાં લઈ જાઓ. કોઈપણ કીંમત પર પોતાની કીંમત ભૂલશો નહીં પણ મહાન પ્રાપ્તિ માટે જે આપવું પડે તે આપતા રહો પરંતુ પોતાની મહાનતા ના ભૂલો. ધારણાઓ છોડશો નહીં.
- તમે પરમ પવિત્ર આત્મા છો. જેમ આંખોનું નૈસર્ગિક કામ છે જોવાનું. તે રીતે તમારી દરેક કર્મેન્દ્રિયનું કામ જ્ઞાન-દાન, યોગદાન, સ્નેહદાન, સહયોગદાન, શક્તિદાન બની જાય. બસ તમે મહાદાની, મહાજ્ઞાની તથા વરદાની બનો.
- તમે વિશ્વને પડકાર ફેંક્યો છે કોઈ અમને અમારા પથથી હટાવી ના શકે. તમે અટલ રહો. લોકો આશીર્વાદ આપશે, તમે સફળ રહો.
- તમે કહી ચૂક્યા છો કે તમને (બાબાને) મેળવીને વિશ્વ મેળવી લીધું છે. હવે વિશ્વમાં શું શોધી રહ્યા છો? બીજું શું મેળવવા ઈચ્છો છો? સર્વને રાહ બતાવનાર સ્વયં પણ એ રસ્તાઓ ઉપર ચાલતા રહો જેને તમે સ્વયં અપનાવેલ છે.
- ધર્મની દીવાલો તોડનારાઓ, વેદોના ભેદ ખોલનારાઓ, શાસ્ત્રોના અર્થ જાણનારાઓ, હવે પોતાના મનની સૂક્ષ્મ દીવાલો પણ તોડી દો. માન - અપમાન, તારા - મારાના ભેદ મિટાવી દો. તમને જે કંઈ મળ્યું છે સેવામાં

**(અનુસંધાન પેજ નં. 12 પર)**

# રાજયોગિની દાદી પ્રકાશમણિજી


## બ્ર.કુ. આત્મપ્રકાશ, માઉન્ટ આબુ



દાદીજીનો દિલનો સ્નેહ, એમની દિવ્યતા સંપન્ન દૃષ્ટિ, પોતાનાપણાની ભાવના અને તપસ્યાની પરાકાષ્ઠા - આ સર્વ જોઈને કેટલીયે વાર લાગતું હતું કે દાદીજી માનવ શરીરમાં હોવા છતાં પણ દેવતા કે ફરિસ્તા છે. આધ્યાત્મિકતા અને પ્રેમનો આવો દરિયો મેં જીવનમાં અન્યત્ર જોયો નથી. હું આને મારું પરમ સૌભાગ્ય સમજું છું કે આવાં વાત્સલ્યમયી મા સાથે 30 વર્ષો સુધી સાથે રહેવાની સોનેરી તક મળી હતી.

કેટલીયે વાર હું એકાંતમાં બેસીને વિચારું છું કે શું એવી પણ કોઈ વ્યક્તિ ભૌતિકદેહમાં હોઈ શકે છે. જેઓએ જીવનપર્યત બીજાઓને આપ્યું, જેઓ હમેશાં બીજાઓ માટે જીવ્યાં અને સ્વયંની હાજરીમાં જ હજારોની સંખ્યામાં પોતાના જેવા આધ્યાત્મિક લીડર તૈયાર કર્યાં. દાદીજીનું વ્યક્તિત્વ આવું હતું. એમનાં દરેક કર્મોમાંથી દિવ્યતાની સુગંધ આવતી હતી. એ નાના નાનાં કાર્યોને પણ પૂર્ણ લગન અને નિષ્ઠાથી કરતાં હતાં.

દાદીજીએ પોતાના ઉંચા ચરિત્ર અને શ્રેષ્ઠ કૃતિત્વથી ભારતની મૂલ્યઆધારિત જીવનશૈલી અને સંસ્કૃતિને વિશ્વમાં ફેલાવી. પૂર્વની સંસ્કૃતિનું મહત્ત્વ પશ્ચિમી દેશો સુધી પહોંચાડ્યું અને જનજનને એ આભાસ કરાવ્યો કે સાદગી જ જીવનની સચ્ચાઈ છે. સરલતા જ જીવનની સાચી શોભા છે. દાદીજી સ્વયં સ્વભાવે અત્યંત સરલ અને મર્યાદાઓ પ્રત્યે ઘણાં જાગૃત હતાં. દાદીજી હમેશાં કહેતાં હતાં કે યોગીનો પ્રથમ અને અંતિમ પરિચય એની સાદગી અને પ્રામાણિક સ્વભાવ છે.



### વાત્સલ્યમયી મા

દાદીજીને અનેકવાર મેં ઘણા નિકટથી જોયાં. એમની સમીપ આવતાં જ દિવ્યતાનું આકર્ષણ થતું હતું. માનું વાત્સલ્ય, માની મમતા, માતૃત્વ સ્નેહ, માની વિશાળતા, માની પવિત્રતા, માનો ત્યાગ, માની નિ:સ્વાર્થ સેવાભાવના જેવા સર્વ ગુણો દાદીજીમાં પ્રત્યક્ષરૂપે દેખાતા હતા. મેં જ્યારે જ્યારે દાદીજી પાસેથી દૃષ્ટિ લીધી તો એવું લાગતું હતું કે કોઈ પ્રકાશ અને શક્તિનો શક્તિશાળી પુંજ એમના નેત્રોમાંથી નીકળી રહ્યો છે. દાદીજીની આંખોમાં સાચે જ એક અનોખો જાદુ હતો. પોતાના મીઠા અને નિષ્કામ બોલથી તેઓ સર્વને પોતાનાં બનાવી લેતાં હતાં. કેટલીયેવાર તો એ જોયું છે કે દુનિયાની દૃષ્ટિથી મોટા પદ પર રહેનારા લોકો પણ દાદીજીની સમક્ષ આવતાં નાના બાળક જેવા બની જતા હતા. વાસ્તવમાં તો દાદીજી તો વિશ્વમાતા, જગતમાતા અને અગણિત આત્માઓનાં ભાગ્યવિધાતા બની ગયાં

### નાના યા મોટા સર્વને સન્માન આપનાર

દાદીજીના જીવનની સૌથી મોટી વિશેષતા દરેકને સન્માન આપવાની હતી. તેઓ નાના મોટા, વૃદ્ધ, સ્ત્રી-પુરુષ સૌને સાથે લઈને ચાલતા હતાં. દાદીજીને પ્રત્યેક આત્મામાં ગુણ જ જણાઈ આવતા હતા. યજ્ઞના એક એક ભાઈબહેનને

પોતાનાપણાનો આભાસ કરાવીને એટલો પ્રેમ આપતાં હતાં કે કોઈને લૌકિક ઘરની સહેજ પણ યાદ ના આવે. એક બાજુ દાદીજી સર્વ યજ્ઞવત્સોની ઘણી સારી પાલના કરતાં હતાં બીજી બાજુ સર્વને બાબાની ગહન ઉંચી જ્ઞાનની વાતોને અમલમાં લાવવા માટે પ્રેરિત કરતાં હતાં.

## જ્ઞાનનાં અખૂટ ભંડાર

દાદીજીએ પરમાત્માએ આપેલા જ્ઞાનના એક એક મોતીને પોતાના જીવનમાં ઊતાર્યાં હતાં અને જે કોઈ એમના સંપર્ક સંબંધમાં આવતાં એમને ભરપૂર કરતાં. દાદીજી બાબાએ જણાવેલા એક એક મહાવાક્યની ગહનતામાં જતાં હતાં. ખરેખર જ્ઞાનની પરાકાષ્ઠા એમના જીવનમાં જોવા મળી. ઈશ્વરીય જ્ઞાન એમની રગેરગમાં સમાયેલું હતું. દાદીજી હજારો ભાઈબહેનોના સમૂહ સામે જ્ઞાન ચર્ચા કરવામાં મસ્ત બની જતાં હતાં. એકાન્તમાં જ્ઞાન સાગરની સાથે જ્ઞાનમંથન કરવામાં લીન થઈ જતાં હતાં. એમનું આભામંડળ ઘણું પ્રભાવશાળી હતું જે કોઈને પણ પોતાની તરફ ખેંચી લેતું હતું.

## એક શ્રેષ્ઠ નેતા

દાદીએ કોઈને પણ પોતાના અનુયાયી બનાવ્યા નહીં પણ પોતાના જેવા નેતા તૈયાર કર્યાં. તેઓ દરેકની વિશેષતાઓને કાર્યમાં જોડીને એમને આગળ ધપાવવાની કલામાં પારંગત હતાં. દાદીજી મને એટલું સન્માન આપતાં હતાં કે મેં મનોમન પ્રતિજ્ઞા કરી કે દાદીજી મને જે સેવાઓ સોંપશે તે હું કરીશ. હું દાદીજી પર સમર્પિત થઈ ગયો. વાસ્તવમાં આ એક શ્રેષ્ઠ નેતાની નિશાની છે કે તે સૌને પોતાના બનાવીને એમના દ્વારા વિભિન્ન પ્રકારના કાર્યો કરાવે છે.

## ઉમંગ ઉત્સાહની પાંખે ઉડનારાં

દાદીજીના જીવનમાં મેં કદી નીરસતા યા ઉદાસીનતા જોઈ નથી. તેઓ સદા પોતાની રુહાની પ્રસન્નતાથી બીજાઓનાં દિલ જીતી લેતાં હતાં. દાદીજી મહાન કર્મયોગી હતાં. એવું લાગતું હતું કે તેઓ કર્મ પણ કરી રહ્યાં છે પરંતુ દેહથી પરે જાણે કોઈ બીજી દુનિયામાં છે. દાદીજીનો ફુલની જેણે હસતો ચહેરો કોઈને પણ જીવન જીવવાની રોશની આપતો હતો.

## સદા લાઈટ (હળવા) રહેનારાં

એકવાર મેં પૂછ્યું કે દાદીજી, આપ બેહદ યજ્ઞના કારોબારને સંભાળવા છતાં એકદમ હળવા કેવી રીતે રહી શકવાનું રહસ્ય શું છે? દાદીજીએ પ્રસન્ન ચિત્તે ઉત્તર આપ્યો હું થોડી યજ્ઞ ચલાવું છું. હું તો સદા સ્વયંને નિમિત્ત સમજું છું. કરાવનહાર બાબા મારા દ્વારા સેવા કરાવી રહ્યા છે. હું સદા એવો અનુભવ કરું છું કે મારા એક ખભા ઉપર શિવબાબા અને બીજા ખભા ઉપર ફરિસ્તા સ્વરૂપ બ્રહ્માબાબા બેઠા છે. જેને કારણે હું સદૈવ હળવાશ અને ખુશીનો અનુભવ કરું છું. બંને મને મદદ કરે છે. બેહદ યજ્ઞ આટલી સારી રીતે ચાલી રહ્યો છે. જે ગાડીમાં બબ્બે એન્જિન હોય તે કેટલી ઝડપી ચાલે.

## લવ (સ્નેહ) અને લો (કાયદા)ની સમતુલા રાખનારાં

દાદીજી કોઈને શિખામણ આપતાં તો તે પણ પ્રેમથી આપતાં હતાં. એક તરફ દાદીજી સ્નેહનાં સાક્ષાત દેવી હતાં. તો બીજી બાજુ કાયદા પર ( નિયમો પર ) ચાલનારાં પણ હતાં. એવું લાગે છે કે બાબાએ દાદીજીમાં કેટલી બધી વિશેષતાઓ ભરી હતી. કોઈ યજ્ઞ વત્સને સમજાવ્યા પછી એ વાતને ત્યાં જ સમાપ્ત કરી દેતાં હતાં. બાબાની એ વાત 'સમજણ પણ આપો અને ક્ષમા પણ કરો.' દાદીજીએ સ્વીકારી લીધી હતી. દાદીજી સમક્ષ

અનેક ભાઈબહેનો પોતાની વાતો લઈને આવતાં, દાદીજીની વિશેષતા રહી કે તેઓ દરેક આત્માને સંતુષ્ટ અને ખુશ કરીને જ મોકલતાં હતાં.

## દિવ્યતાનું અનુપમ ઉદાહરણ

આદિકાળથી દિવ્યતા ભારત દેશની ઓળખ બની ચૂકી છે. મીઠાં દાદીજીએ દિવ્યતા જેવા ગંભીર વિષયને પોતાના વ્યવહારિક જીવન દ્વારા અત્યંત સહજ અને સરળ બનાવ્યો. આપનું દરેક કર્મ, દરેક બોલ, દરેક વ્યવહાર દિવ્યતાનું અનોખું ઉદાહરણ બની ગયાં. આટલા મોટા સંગઠનમાં રહેવા છતાં દાદીજી સર્વથી ન્યારાં અને પ્યારાં હતાં. તે માત્ર બ્રહ્માકુમાર - કુમારીઓનાં જ નહીં પણ પોતાની વ્યવહારિક ઉચ્ચતાને લીધે સમસ્ત વિશ્વનાં દાદીમાં બની ગયાં. એમની દિવ્યતાની એ કમાલ રહી કે વિશ્વની મોટામાં મોટી વિભૂતિઓ પણ એમની આગળ મસ્તક ઝૂકાવતી હતી. હું 2 ઓગસ્ટ, 2007ના દિવસે ઈશ્વરીય સેવાર્થે રશિયાની યાત્રા પર જઈ રહ્યો હતો તો દાદીજીએ ઘણા પ્રેમથી શક્તિશાળી દૃષ્ટિ આપતાં પોતાનો વરદાની હાથ મારા મસ્તક પર રાખીને વિદાય આપી. રશિયાની યાત્રા સમયે મને પ્રિય દાદીજીનો એ ચહેરો યાદ આવતો હતો. જેના દ્વારા હું શક્તિ મેળવતો હતો. રશિયાની સેવા કરીને જ્યારે 25 ઓગસ્ટ, 2007ના દિવસ પાછો મધુવન આવ્યો. દાદી કોટેજમાં જઈને એમનાં દર્શન કર્યા અને થોડા કલાકોમાં જ દાદીજીએ પોતાના જૂના પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો. બાબાની ગોદમાં સમાઈ ગયાં. આપણે એમના ચીંધેલા માર્ગે ચાલીએ એજ એમને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 13નું અનુસંધાન)... અમૃતધારા**

જ્ઞાન પણ શિરદર્દ જેવું લાગે છે. અંદર અંદર જ યુદ્ધ ચાલતું રહે છે. એક યુદ્ધ પૂરું થતું નથી કે બીજું સામે આવી જાય છે જેમ ઉંદર છે તો બિલાડી આવે છે. બિલાડી જાય છે. તો કૂતરો આવે છે. કોઈ મને છોડતું નથી. પરંતુ અંદર એવી તાકાત હોય જેથી દુશ્મનને નજીક આવવાની હિંમત ન થાય. એટલો પોતાના ઉપર પહેરો હોય. એટલા માટે બાબા કહે છે કે સેવા અને યાદનું ડબલ લોક લગાવો. એટલા ખબરદાર હોંશિયાર બનીએ કે કદી કોઈ આપણો ખજાનો લૂંટી ના શકે. ખાલી થઈ ના શકે. થોડું પણ ખાલીપણું લાગે છે તો નક્કી કોઈ છિદ્ર છે. છિદ્રમાંથી જલદીથી વહી જાય છે. આમ પોતાને સંભાળનાર કદી ખાલી થતો નથી. ગમે તેટલું સાંભળો યા સંભાળવો પરંતુ અંદરથી સંપન્ન રહેવાનું, સંપૂર્ણ બનવાનું લક્ષ્ય ભૂલાય નહીં.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 09નું અનુસંધાન)... પવિત્ર જીવન માટે**

લગાવી દો. તો તમને અષ્ટ રત્નોની માળામાં આવતાં કોઈ રોકી નહીં શકે. દુનિયાના રોકવાથી તમે રોકાશો નહીં. આઠની માળામાં આવવામાં પણ ના થોભો.

તો આવો, એકવાર ફરીથી વરદાતાના વરદાનોને યાદ કરો. જેણે આપણું જીવન પાવન બનાવ્યું એને જ પવિત્ર જીવનની અમૂલ્ય ભેટ આપો. ઈશ્વરીય જીવનને પવિત્રતાથી સજાવતા રહો જેથી જલદીથી પવિત્રતાનો ઝંડો દરેકના દિલ પર ફરકી શકે. જેણે આપણને પાવન બનાવ્યા એમની જ આ પ્રેરણા છે. પરમ પવિત્ર બનો, યોગી બનો જેથી પુનઃ પવિત્ર ઈશ્વરીય જીવન જીવનારાઓનો જય જયકાર થાય

**॥ ઓમશાંતિ ॥**

## અમૃતધારા

# સ્વચિંતનમાં રહેવાનું સુખ લો

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



લવ (પ્રેમ) અને રિસ્પેક્ટ (આદર)નો પરસ્પર ઘણો ગહન સંબંધ છે. જ્યાંથી પણ કંઈક પ્રેમ મળે છે તો સમજે છે કે આને મારા માટે આદર છે. જ્યાંથી નથી મળતો તો સમજે છે કે એને મારો આદર નથી. જ્યારે કોઈ માનવના સ્નેહનો સ્વીકાર ના કરીએ ત્યારે જ પરમાત્મા પાસેથી પ્રેમ અને આદર મળે છે. માટે માનવો પાસેથી પ્રેમ અને આદરની ઈચ્છા ના રાખીએ. આસક્તિના સંસ્કાર ઈશ્વરીય પ્રેમ મેળવવામાં બાધક બને છે. આસક્તિને કારણે આત્મામાં શક્તિ રહેતી નથી. કોઈ આત્મામાં સ્વયંને પ્રેમ કરવાની પણ શક્તિ હોતી નથી. આપણે ખરા છીએ તો આપણે પોતાને સારા બનાવીએ. પોતાને પ્રેમ કરીએ. એના માટે સ્વમાનમાં રહીએ. કોઈને ન જોતાં સ્વયંને અંદરથી જોઈએ. કોઈ સારા છે તો અભિમાનથી જુએ છે. પરંતુ દિલને સાફ કરીને જુઓ, દિલમાં તથા મનમાં કોઈપણ વાત ના રાખો. આયનાને સાફ કરો તો પોતાની મેળે સારા દેખાઈશું. ખરાબી હશે તો બાબા દૂર કરશે. બાબાએ ડાયરેક્શન આપ્યું છે 'મુખડા દેખ લે પ્રાણી..' તો પોતાને જુઓ કોઈને પણ ના જુઓ. પરચિંતન ના કરો. સ્વચિંતનમાં રહેવાનું સુખ લો. તો કંઈક ખામી, નબળાઈ હશે તો તે પણ રુહાનિ શક્તિથી દૂર થઈ જશે એ ગેંરટી છે. આ વિશ્વાસ રાખો. પોતાને પ્રેમ કરો. જ્યારે આત્મઅભિમાનની સ્થિતિ હોય છે અને બાબાની યાદ હોય છે, તો પોતાનો ચમકતો ચહેરો અનુભવી શકો છો.

દિલથી બાબાની મહિમા કરતા રહો. બાબા આપ ન હોત, તો હું ક્યાંથી હોત. બાબા આપ મને મળ્યા છો, તો સર્વકાંઈ મળ્યું છે. આ બોલ અંદરથી પોતાની મેળે નીકળે છે, કોઈ શીખવાડતું નથી. ભક્તિમાં તો પોપટની જેમ રટણ કરતા હતા. જે સાંભળ્યું છે તે જ બોલે છે. પરંતુ સુખનો અનુભવ કરતા નથી. ભજન કીર્તનમાં કર્ણ રસથી ગાય છે. દિલથી ગાતા નથી તે આપણે દિલથી ગાઈએ છીએ.


આપણો અભ્યાસ માત્ર કર્ણરસ નથી. આપણે કોઈને જ્ઞાન સંભળાવી દીધું. સર્વએ તાળીઓ પાડી. આ સંભળાવવાનો પણ રસ હોય છે. આ રીતે સાંભળવા - સંભળાવવાના રસવાળા અંતર્મુખી બનીને સદા સુખી કદી રહી શકતા નથી કારણ કે એમાં પણ માન-અપમાન આવશે. કોઈ ઘણા સારા સમજુ છે. બીજાઓને પણ સારું સમજાવે છે. સમજવા - સમજાવવામાં દિમાગ ઘણું સારું હોંશિયાર છે પણ અંદરથી ખાલી છે. કોઈ વળી એમ સમજે છે કે અમે તો સારા સમજદાર છીએ. ઘણું શીખી લીધું હવે શીખવાની ભાવના શું રાખીએ, ઘણું બધું શીખી લીધું. આમ માનવું એ પણ નુકશાનકારક છે.

આ જ્ઞાનમાર્ગ પણ એક ઘણો મોટો આંટીઘૂંટીવાળો માર્ગ છે. ડગલે ડગલે દરેક સંકલ્પ કરતાં સમયે વિચારવાનું છે કે આટલું જ્ઞાન સાંભળતાં - સંભળાવતાં પણ હું અંદરથી ખાલી કેમ છું? ઉદાસ કેમ છું? જ્યારે કોઈ વાત બને છે ત્યારે

(અનુસંધાન પેજ નં. 12 પર)

# દાદીજી સાથેનો મારો અનુભવ


બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ.



જ્યારે હું પ્રથમ વાર મધુબન, માઉન્ટ આબુ ગઈ ત્યારે મારી ઉંમર 18 વર્ષની હતી. હું બી.એ.ના અંતિમ વર્ષમાં ભણતી હતી.

26મી જાન્યુઆરીની પરેડ માટે મારે દિલ્હી જવાનું હતું. ત્યારે બાબાનો અભિપ્રાય મેળવવા હું ફરી માઉન્ટ આબુ ગઈ. બાબાએ હિસ્ટ્રી હોલમાં અમારી પરેડ નિહાળી પછી મને કહ્યું, બેટી, તારા જેવા બેટી એક માસનો સમય વેસ્ટ કરશે? બે દિવસ પછી બાબાએ મને પોતાની પાસે બોલાવી કહ્યું, જુઓ કુમારકા બેટી (દાદીજી) ટૂર પર જઈ રહી છે તું એમની સાથે જઈ શકીશ? મેં કહ્યું, જી બાબા. આમ દાદીજી સાથે પ્રથમ વાર મારો 21 દિવસનો ઈશ્વરીય સેવાનો પ્રવાસ કાર્યક્રમ બન્યો. ત્યારે દાદીજી સાથે જયપુર, દિલ્હી, આગ્રા, લખનૌ, કાનપુર, ભોપાલ વગેરે સ્થળોએ ઈશ્વરીય સેવા કરવાની તક મળી. દાદીજીના દિવ્યગુણોને પ્રત્યક્ષ નિહાળવાની તક મળી. મારા બ્ર.કુ. જીવનમાં પ્રારંભમાં મળેલી આ સોનેરી તક મારા જીવનમાં આશીર્વાદ રૂપ બની ગઈ.

ત્યાર પછી તો અનેક વાર દાદીજીને મળવાનું થયું. મેં રાજયોગ શિબિરનો પ્રયોગ કર્યો તેની દાદીજીને જાણ કરી. દાદીજીએ મને માઉન્ટ આબુ બોલાવી. વરિષ્ઠ દાદીઓ, સીનિયર બહેનો સમક્ષ મેં શિબિર કરાવી. મારો સંકોચ દૂર કરવા દાદીજીએ મારામાં ઉત્સાહ જગાડ્યો. પછી મેં રાજયોગ શિબિરની એક આખી સ્ક્રીપ્ટ લખી આપી જે દાદીજીએ છપાવીને વહેંચી.



ઈશ્વરીય સેવાના ભિન્ન-ભિન્ન પ્રયોગોમાં મને દાદીજીએ પ્રેરણા આપી. હોસ્ટેલ ચલાવવામાં, સાધના ભવનના નિર્માણમાં દાદીજી પ્રેરક રહ્યાં. મહાદેવનગરના સદ્ભાવના સદનનું દાદીજીના વરદ્ હસ્તે ઉદ્ઘાટન થયું તેમજ 21 કુમારીઓનો સમર્પણ સમારોહ દાદીજીની અધ્યક્ષતામાં થયો જે અવિસ્મરણીય છે.

યુવા વીંગની સંયોજિકા તરીકેની મારી કામગીરીમાં દાદીજી સદાયે પ્રેરણામૂર્તિ બની રહ્યાં. દાદીજીએ કેપ પહેરી, પટ્ટો પહેરી અમને યુવા પદયાત્રાનો કળશ સોંપ્યો હતો.

દાદીજીના સર્વ ગુણોને ધારણ કરીએ એજ દાદીજીને આપેલી સાચી સ્મરણાંજલિ છે.

॥ ઓમશાંતિ ॥

# પ્રસંગ પરિમલ

## અસલી ઉત્તરાધિકારી

એક ઘણી મોટી કંપનીના સી.ઈ.ઓ. જલદી નિવૃત્ત થવાના હતા. એમણે કંપનીને ઘણી જ મહેનતથી ઉચ્ચ સ્થાને પહોંચાડી હતી. એટલે તેઓ ઈચ્છતા હતા કે કોઈ કાબેલ વ્યક્તિને જ પોતાનો ઉત્તરાધિકારી બનાવે. એટલે એમણે કંપનીમાં કાર્ય કરનારા સર્વ આશાસ્પદ યુવાનોની એક મીટીંગ બોલાવી. એમણે સર્વને એક એક છોડનું બીજ આપીને કહ્યું કે - આ બીજને આપ લોકો ઘેર લઈ જઈને એક કુંડામાં રોપજો. એની દેખભાળ કરજો, એને પાણી આપજો. નિયમિત તડકો પણ આપજો અને એક વર્ષ પછી જેનો છોડ સારો હશે એને કંપનીના ભાવિ સી.ઈ.ઓ. નિયુક્ત કરવામાં આવશે.

સર્વ કાર્યકર્તા આ વાતથી ઘણા ખુશ થયા. સૌને વિશ્વાસ હતો કે પોતે આ સ્પર્ધામાં વિજયી બનશે. એમાં એક યુવતી હતી. ભાવના. એણીએ પણ ઘણી રુચિથી આ સ્પર્ધામાં ભાગ લીધો. ઓફિસથી ઘેર જતાં એણીએ એક સુંદર કૂંડું ખરીદ્યું. ઘરમાં જઈને એ બીજને કૂંડામાં વાવી દીધું. એણે પોતાના પિતાને પણ બધી વાત જણાવી. પણ એમણે ભાવનાને સલાહ આપી કે આ બીજનું ધ્યાન રાખવાની સાથે પોતાના પિતાને પણ બધી વાત જણાવી. પણ એમણે ભાવનાને સલાહ આપી કે આ બીજનું ધ્યાન રાખવાની સાથે પોતાના ઓફિસના કાર્યને પણ લગનથી કરે. કેટલાક દિવસો વીતી ગયા. ભાવના રોજ કૂંડાને પાણી આપતી, એનું પૂરું ધ્યાન આપતી પણ બીજમાંથી કંઈ પણ ઉગતું જ નહોતું. ભાવના ઘણી ઉદાસ થઈ ગઈ. પણ તે પોતાની ઓફિસમાં દિલ દઈને કામ કરતી હતી. છ મહિના પછી ભાવનાનાં લગન થયાં. તો તે પોતાના નવા ઘરમાં કૂંડું લઈને ગઈ. સમય વીતતો ગયો પણ કૂંડામાં કંઈ પણ ઊગ્યું નહીં. ભાવનાને રોજ કૂંડામાં પાણી નાંખતાં જોઈ પતિએ પણ પ્રશ્ન કર્યો કે આખરે આ શું છે? તો ભાવનાએ એને સર્વ કાંઈ જણાવી દીધું. એના પતિએ પણ એને પરેશાન ન થવાની સલાહ આપી.

છેવટે એ દિવસ આવી ગયો જ્યારે સર્વને કંપનીમાં પોતપોતાના છોડ લઈને જવાનું હતું. ભાવના પરેશાન થઈને પોતાના પતિને કહેવા લાગી તે આ ખાલી કૂંડા સાથે કંપનીમાં કેવી રીતે જાય? આવી રીતે તો સર્વની સામે બેઈજ્જતી થશે. પરંતુ એના પતિએ સમજાવી કે એણે ઈમાનદારી સાથે પોતાનું ખાલી કૂંડું લઈને જવું જોઈએ અને સચ્ચાઈનો સામનો કરવો જોઈએ. ભાવના પોતાનું ખાલી કૂંડું લઈને કંપનીમાં ગઈ. બધા એના કૂંડાને જોઈને મજાક કરવા લાગ્યા કારણ કે બાકી સર્વનાં કૂંડાં સુંદર સુંદર છોડવાઓથી ભરેલાં હતાં.

સી.ઈ.ઓ. આવ્યા તો એમણે સર્વના ખીલેલાં સુંદર છોડવાઓવાળાં કૂંડાં જોયાં અને કહ્યું કે મને ગર્વ છે કે આપ સર્વએ બીજની પાલના કરીને એક વર્ષમાં સુંદર છોડ તૈયાર કરી દીધા. પણ જેવી એમની નજર ભાવનાનાં કૂંડા પર પડી તો એમણે પૂછ્યું કે તમારું કૂંડું ખાલી કેમ છે? ભાવનાએ એમને સાચું સાચું બતાવી દીધું કે એમણે બીજની સંભાળ તો ખૂબ કરી પણ તે અંકુરિત થયું નહીં. સી.ઈ.ઓ.એ ભાવના સિવાય સર્વને બેસવાનું કહ્યું અને જાહેર કર્યું કે આજથી આપ સર્વની નવી સી.ઈ.ઓ. ભાવના છે. સૌ આશ્ચર્યમાં પડી ગયા પણ ભાવના સી.ઈ.ઓ. કઈ રીતે બની શકે? એનો છોડ તો ઉગ્યો જ નહીં. સૌએ એક સ્વરમાં સવાલ કર્યો.

(અનુસંધાન પેજ નં. 19 પર)

# રક્ષાબંધન

બ્ર.કુ. ગાયત્રીબેન, કોલાબા, મુંબઈ

યહ રાખી હૈ નિરાલી,
પ્રભુ સે પ્રીત લગાને વાલી,
સુખ શાંતિ પવિત્રતા દેનેવાલી,
આત્મા કી રક્ષા કરનેવાલી.

પ્રતિ વર્ષ શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો તહેવાર ભારતમાં ધામધૂમથી ઉજવાય છે. ઘેર ઘેર બહેનો પોતાના ભાઈઓને જમણા હાથના કાંડામાં ફેશનેબલ, રેશમી યા નાયલોનના દોરાવાળી સુંદર રાખડી બાંધે છે, કપાળની વચ્ચે ભ્રૂકુટી પર તિલક કરીને મીઠાઈથી મુખ મીઠું કરાવે છે. બીજા શહેરમાં રહેનારી બહેન પોતાના ભાઈને રાખડીનું સૂત્ર મોકલીને પોતાનો નિર્મળ સ્નેહ પ્રગટ કરે છે. ભાઈઓ રાખડીના બદલામાં બહેનોને સ્નેહના પ્રતીકરૂપે પૈસા, સાડી કે વસ્તુ ભેટમાં આપે છે અને સંકટ સમયે રક્ષણ કરવાનો વાયદો કરે છે. હાલ જૂની પ્રણાલિકા મુજબ ઉજવાતું આ પર્વ તેના સાચા રહસ્યને ભાગ્યે જ પ્રગટ કરી શકે! આ પર્વનું અસલી રહસ્ય આવું નથી પરંતુ ઉમદા પ્રકારનું જુદું જ રહસ્ય છે.

લગ્ન પહેલાં છોકરીના રક્ષણની જવાબદારી માતાપિતાની હોય છે અને લગન પછી પતિની હોય છે. બીજા ગામમાં દૂર રહેતો ભાઈ અચાનક સંકટ ઉભું થતાં તૂર્ત કઈ રીતે બહેનની મદદ કરી શકે? ઉંમરમાં નાનકડો ભાઈ શારીરિક રીતે તેની મોટી બહેનનું રક્ષણ કેવી રીતે કરી શકે? તેથી અહીં રક્ષાનો બે અર્થમાં ઉપયોગ થાય છે. રક્ષા અર્થાત્ ઉપયોગ થાય છે. રક્ષા અર્થાત્ રાખડી તરીકે એક અર્થ છે. બીજા અર્થમાં રક્ષા અર્થાત્ રક્ષણ કરવું. 'રક્ષા' શબ્દનો અર્થ ફક્ત શારીરિક રક્ષણ જ નહિ પરંતુ અન્ય રક્ષણ માટે પણ આ શબ્દ વપરાય છે. રહસ્ય રક્ષા અર્થાત્ રહસ્યની રક્ષા કરવી. 'रहस्यम् रक्षति' રહસ્યની રક્ષા કરે છે. આપણા મનમાં કોઈ વાતને સંભાળીને રાખવી, અન્યને ન બતાવવી તે રહસ્ય રક્ષા છે. અત્યારે ધંધા-ઉદ્યોગમાં થતી શોધખોળોના રહસ્યને ગુપ્ત રાખવા માટે 'પેટેન્ટ'નો હક્ક આપવામાં આવે છે. ધન રક્ષા માટે કહેવાય છે કે 'आपदार्थे धनं रक्षते' આપત્તિના સમયમાં મદદ તરીકે કામ આવે તે માટે ધન બચાવીને યા સંભાળીને રાખવું તે ધનરક્ષા અર્થાત્ ધન દ્વારા થતી રક્ષા છે. પહેલાંના જમાનામાં લોકો ધનને ચરૂમાં સંતાડીને રાખતા. દીપ રક્ષા અર્થાત્ દીપ દ્વારા થતી રક્ષા. ભૂતપ્રેતમાં માનનારા રાત્રે અંધારામાં દીપ પ્રગટાવીને રાખે છે જેને તેઓ રક્ષા-પ્રદીપ કહે છે. દીપકથી અજવાળું રહેતાં ભૂતપ્રેત આવીને નુકસાન કરતા નથી. રક્ષાભૂષણ અર્થાત્ આભૂષણ દ્વારા રક્ષા. પહેલાંના જમાનામાં લોકો ગળામાં રક્ષણ માટે તાવીજ પહેરતા જેને રક્ષાભૂષણ કે રક્ષામણિ પણ કહે છે. નવ રત્નોની વીંટી બનાવીને કેટલાક લોકો પહેરે છે, જેમાં રક્ષણનો હેતુ હોય છે. અત્યારે તો ગોળીથી થતા ખૂનથી રક્ષા કરવા માટે બુલેટપ્રુફ જાકીટ મોટા લોકો પહેરતા હોય છે. ધર્મરક્ષા અર્થાત્ ધર્મની રક્ષા કરવી. ધર્મરક્ષા અર્થાત્ પોતાના ધર્મમાં ટકી રહેવું. ધર્માંતરણની વટાળ પ્રવૃત્તિને રોકવાનો હેતુ ધર્મરક્ષામાં રહેલો છે. આમ 'રક્ષા' શબ્દ શારીરિક રક્ષા ઉપરાંત અન્ય ઉપયોગોમાં વપરાય છે.

'બંધન' શબ્દના પણ અનેક અર્થ છે. એક અર્થ છે કે - કોઈને દોરડાથી કે સાંકળથી બાંધવો. બીજા અર્થમાં પરસ્પર સમજૂતી યા પ્રતિજ્ઞામાં

કોઈને સામેલ કરવા કે બાંધવાને પણ બંધન કહે છે. અહીં 'રક્ષાબંધન' શબ્દમાં બંધનનો અર્થ વ્યાપક વિશાળ છે. આમ તો બંધન કોઈને ગમતું નથી પરંતુ અહીં સંધિ વિચ્છેદ કરતાં રક્ષા + બંધન શબ્દો અલગ પડે છે. એવું મીઠું બંધન કે જે આપણી રક્ષા, રક્ષણ કરે.

રક્ષાબંધન પ્રસંગે બ્રાહ્મણો યજમાનોને રાખડી બાંધે છે. પૂજારી યા બ્રાહ્મણ કોઈક ઠેકાણે ઘેર મુલાકાત લઈ પરિવારના સ્ત્રી, પુરુષ, બાળકોને તિલક કરીને રાખડી બાંધે છે. ઈતિહાસમાં રાજપૂત રાણી કર્માવતીએ પોતાના રાજ્યના રક્ષણ માટે મુસલમાન બાદશાહ હુમાયુને ભાઈ બનાવીને રાખડી મોકલાવ્યાનો ઉલ્લેખ છે. ઈંદ્રાણીએ ઈંદ્રને તેનું ગુમાવેલું સ્વરાજ્ય પાછું મેળવવા રક્ષા બાંધેલી. યમુનાએ તેના ભાઈ યમને રાખડી બાંધેલી. મહાભારતમાં કોઠાયુદ્ધ વખતે અભિમન્યુના રક્ષણ માટે કુંતી માતાએ રક્ષાનું સૂત્ર બાંધેલું. આ ઘટનાઓ પણ આ તહેવારના સાચા રહસ્યને સમજાવી શકતી નથી.

રક્ષાબંધન પર્વ વિવિધ પર્વ તરીકે પણ ઓળખાય છે તેને 'વિષતોડક પર્વ' કહે છે કારણ કે આ પર્વ વિષયવિકારો રૂપી ઝેરને દૂર કરે છે. રક્ષાબંધન આપણને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા વિષસમાન વિકારોમાંથી છોડાવે છે. તેને 'પાપનાશક પર્વ' પણ કહે છે કારણ કે તે આપણા પાપકર્મોનો નાશ કરે છે. રક્ષાબંધન પર્વને 'પુણ્યપ્રદાયક પર્વ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પર્વ ઉજવવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. વળી આ પર્વ શ્રાવણની પૂર્ણિમાએ ઉજવાય છે તે સૂચક છે. શ્રાવણ માસમાં જ્ઞાનના શ્રવણની ખૂબ મહિમા છે. જ્ઞાન શ્રવણ માટે ઠેરઠેર સત્સંગો યોજાય છે. પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ સંપૂર્ણ ખીલેલો હોય છે જે, આત્માની સંપૂર્ણતાનું પ્રતીક છે. શ્રાવણમાં શિવ ભગવાનની ખૂબ ભક્તિ થાય છે. સોમવારે નિરાકાર ભગવાનના પ્રતીક રૂપ લિંગ પર પાણી દૂધ ચઢાવવામાં આવે છે તથા ત્રણ પાંદડાવાળા બીલીપત્રો મોટી સંખ્યામાં ચઢાવાય છે. રક્ષાબંધન પર્વવાળા આ શ્રાવણ માસમાં સર્વત્ર શિવની ખૂબ પૂજા થાય છે.

આમ રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય ખૂબ ઉંડું અને વિશાળ છે. તેને શિવ સાથે જોડવામાં આવે છે. હકીકતમાં રક્ષાબંધનનો તહેવાર સૃષ્ટિચક્રના અંત ભાગમાં ધર્મગ્લાનિ યા અપવિત્રતાના (Moral Crisis) સમયે નિરાકાર જ્યોતિર્લિંગમ્ પરમાત્મા શિવના અવતરણની અને બ્રહ્મચર્ય - પવિત્રતાના બંધનની યાદગારનું પર્વ છે. શિવ પરમાત્મા જન કલ્યાણ માટે તથા ભારતને સ્વર્ગ બનાવવા માટે આ પર્વ મનાવે છે. શિવપિતા પ્રજાપિતા બ્રહ્માના તનમાં સાકાર માધ્યમમાં અવતરિત થઈ બ્રાહ્મણોની રચના કરે છે. બ્રહ્માવત્સ બ્રહ્માકુમારીઓ ધર્મની બહેનો તરીકે શિવબાબા દ્વારા નિમિત્ત બનીને વિષયવિકારોથી રક્ષક અને સુખશાંતિ પ્રદાયક રાખડીનું સૂત્ર બાંધે છે. પરમાત્મા નર અને નારી બંને મનુષ્યાત્માઓને પવિત્રતાના બંધનમાં બાંધે છે અર્થાત્ બ્રહ્મચર્ય માટે વચનબદ્ધ કરે છે, જેથી તેમનું કામ, ક્રોધ ઈત્યાદિ વિકારોથી રક્ષણ થાય. રક્ષાબંધન સમયે તિલક કરવાની વિધિ દ્વારા ભ્રૂકુટીના મધ્યમાં બિરાજમાન આત્માની સ્મૃતિ અપાવવામાં આવે છે. સર્વ આત્માઓ પ્રભુનાં સંતાન હોઈ આપસમાં નિર્મળ પ્રેમ રાખવાનું સૂચવાય છે.

રક્ષા + બંધનનો અર્થ એ થાય કે આત્માઓ પવિત્રતાના બંધનમાં બંધાય તો ઈશ્વર તેમની સર્વ પ્રકારે રક્ષા કરે છે. રક્ષાબંધન પવિત્રતા અને

**(અનુસંધાન પેજ નં. 30 પર)**

## દિવ્યદર્શન

# સાચો સ્વતંત્રતા દિવસ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

પરાધીન વ્યક્તિ સ્વપ્નમાં પણ ક્યારેય સુખી થતો નથી. ગુલામી તો પશુ-પંખીને પણ ન ગમે. સોનાથી બનેલા અને હીરામોતીથી જડેલા પીંજરામાં કેદ પંખી કરતાં તો ઝાડની ડાળી પર આંનદ કિલ્લોલ કરતાં અને ગગન વિહાર કરતાં પક્ષીઓને અનહદ ખુશી આનંદ આપે છે. ગુલામીમાં એશઆરામના જીવન કરતા પણ સ્વતંત્ર અને આઝાદની સુકી રોટલી પણ ચોક્કસ મીઠી જ લાગે. ભારત દેશ અંગ્રેજોનો ગુલામ હતો. ત્યારે રાષ્ટ્રભક્ત લોકમાન્ય તિલકે એક સ્લોગન આપ્યું, સ્વરાજ્ય આપણો જન્મસિદ્ધ આધિકાર છે. મહાત્મા ગાંધીજીએ જેના સામ્રાજ્યનો સમગ્ર વિશ્વમાં કદી જેનો સૂર્યાસ્ત થતો નહતો, તેવી બ્રિટીશ સલ્તનતને હંકારી કાઢવા માટે ઈ.સ.૧૯૪૨માં ' હિન્દ છોડો ' ( કિવટ ઇન્ડિયા ) ની જલદ ચળવળ શરૂ કરી. અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા દેશભક્તોએ જેલવાસ ભોગવી, પ્રાણોની આહુતિ પણ આપી દીધી. ફળ સ્વરૂપે બ્રિટીશ સરકારે આખરે ઝૂકવું જ પડયું. અને ૧૫-૮-૧૯૪૭ના રોજ ભારતને સ્વતંત્રતા મળી. આ વર્ષે ૧૫-૭-૨૦૨૩ના રોજ ભારતનો ૭૭મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાશે. દિલ્હીના લાલ કિલ્લા પરથી માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારત દેશના તિરંગા રાષ્ટ્રધ્વજને ફરકાવી સલામી આપી દેશને સંબોધન કરશે. ત્યારે દેશ પરદેશના મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાશે. આપ સૌ જ્ઞાનામૃતના સભ્યો આને વાંચકોને મહાન રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા પર્વની વધાઈ અને શુભમંગલ કામનાઓ.

આઝાદી સમયે રાષ્ટ્રપિતા ગાંધીજીનું એક સ્વપ્ન હતું રામરાજ્યની સ્થાપનાનું. ભલે રાજકીય દ્રષ્ટિકોણથી સ્વતંત્રતા મળી, આઝાદી મળ્યે સાત-સાત દાયકા પણ વીતી ગયા, તેમ છતાં રાષ્ટ્રના બાપુ ગાંધીજીનું સ્વપ્ન રોળાઇ ગયું. સ્વરાજ્ય સુરાજ્ય રામરાજ્ય આવવાને બદલે રાવણ રાજ્ય આવી ગયું છે તેમ કહેવામાં પણ કોઈ અતિશ્યોક્તિ નથી. માનવીની ખૂબ જ પ્રાથમિક આવશ્યકતાઓ 'રોટલી, કપડાં અને મકાન'માંથી હજી ઘણાં ગરીબો વંચિત છે. પુષ્કળ ગરીબો આને બેકારીની વચ્ચે આજે જૂજ અમીરોના અલાયદા ટાપુઓ પણ જોવા મળે છે. દિવસે અને દિવસે અમીર અને ગરીબ વચ્ચે અંતર વધતું જ જાય છે. ક્યારેક તવંગર અને ગરીબ વચ્ચે લોહિયાળ જંગ પણ ખેલાય છે તો અચરજ નહિ. ભારતની પ્રજામાં અંદરોઅંદર સિવિલ વોર અને ખૂનામરકીના ખેલના ભણકારા વાગી રહ્યાં છે.

### વિકારોની ગુલામી

સ્વત્રંત્રતાનો ગેરલાભ લઈ માનવી સ્વછંદ બની ગયો છે. કુટેવોને વશ થઇ વ્યસનોના પણ ગુલામ બનતા જાય છે. ટ્રેન, મંદિર, જાહેર સ્થાનો પર બોમ્બ ધડાકા, કાશ્મીરમાં વારંવાર થતાં આતંકવાદી હુમલાઓ, બળાત્કાર, ચોરી, ખૂન, લૂંટફાટ, હિંસા, ભાંગફોડ, ભષ્ટાચાર, દુરાચાર, મોટા મોટા કૌભાંડો, અરાજકતા, અસુરક્ષા, ભય, હતાશાની પરિસ્થિતિએ માઝા મૂકી દીધી છે. માનવીઓ સાચી સ્વતંત્રતાનો આનંદ ભૂલી જ ગયા છે. વિશેષમાં તો હવે વિષય વિકારોની ગુલામીમાં કેદ થઇ દારૂ, ધૂમ્રપાન, માંસાહાર, નશીલે ડ્રગ્સની

બદીઓના ગુલામ બની નૈતિક અધપતનના માર્ગે ડૂબી ગયા છે. આજે રક્ષક જ ભક્ષક બન્યો છે. તેર સાંધતા ત્રેપન તૂટે તેવી ભયાનકતા પણ થઇ છે. જયારે વાડ જ ચીભડા ગળે તો શું દશા થાય?

પંચવર્ષીય યોજનાઓ દ્વારા સ્વદેશી સરકારે, રાજકારણી નેતાઓએ, પ્રજાએ દેશની હાલત સુધારવા ઘણા પ્રયત્નો કર્યા છે. છતાં જુજ સફળતા મળી છે. જોકે સરકાર પાસે કોઈ જાદુની લાકડી તો છે નહિ કે જેથી પ્રજાના દુઃખો દૂર કરી ભારતને સ્વર્ગલોક બનાવી દે. પરંતુ એ વાત પણ દુઃખદ સ્વીકારી રહી કે, દેશમાં બેરોજગારી, ગરીબી, મોંઘવારી, કામચોરી, ભૂખમરો, ભ્રષ્ટાચાર, વસ્તીવૃદ્ધિ, અપવ્યયમાં વૃદ્ધિ તેજીથી થઈ રહી છે. તેવું ચોક્કસ પણે કહી શકાય કે, દર્દ બઢતા ગયા જ્યું જ્યું દવા કરતે ગયે. ગરીબી હટાવોના વાયદામાં ખુદ ગરીબો જ હટતા જાય છે.

## સાચી સ્વતંત્રતાનો ઉપાય

સાચી સ્વતંત્રતા  કે સાચું સ્વરાજ્ય ક્યારે મળે? સ્વતંત્ર શબ્દનો ખરો અર્થ જોઈએ. સ્વતંત્ર = સ્વ + તંત્ર અર્થાત્ સ્વયંની કર્મેન્દ્રિયો પર શાસન. 'સ્વ' અર્થાત્ હું રાજા છું, મારી કર્મેન્દ્રિયો સેવકો છે. પરંતુ હાલ ઉલટું જોવા મળે છે. કર્મેન્દ્રિયો માલિક બની, આત્માને દાસ બનાવી શાસન ચલાવે છે. માનવી હાલ મનનો ગુલામ બનીને વર્તન કરે છે. આત્માનો અવાજ ગૂંગળાવીને વ્યવહાર કરે છે. તેથી રાવણ રાજ્ય છે. હાલ સુરાજ્ય કે સ્વરાજ્ય સાચા અર્થમાં કેમ નથી? સ્વરાજ્યનો સાચો ભાવાર્થ સમજીએ. સ્વરાજ્ય = સ્વ+રાજ્ય. સ્વ એટલે હું આત્મા. પરંતુ હાલ આત્માનું (સ્વનું) સ્વયં પર રાજ્ય રહ્યું નથી. મનને ગુલામ બનાવી મનજીત બનવું પડે. સ્વ અર્થાત આત્મા, કર્મેન્દ્રિય પર, મન-બુદ્ધિ-સંસ્કાર પર શાસન કરશે તો સાચી સ્વતંત્રતા મળશે.

## વિશ્વ બાપુ દ્વારા રામરાજ્ય

રાષ્ટ્રબાપુ ગાંધીનું રાજ રાજ્યનું સ્વપ્ન કોણ પૂરું કરી શકે? પ્રથમ તો સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે ગાંધીજીએ અપનાવેલા મૂલ્યો સદગુણો જેવા કે સત્ય, અહિંસા, પવિત્રતા ધારણ કરવા પડશે. રામરાજ્યનું અધૂરું રહેલું સ્વપ્ન સાકાર કરવા વિશ્વબાપુ પરમપિતા શિવ પરમાત્મા ધરતી પર અવતરિત થઈને સ્લોગન આપે છે કે : તથા સત્કર્મ કરો. દુઃખ ન દો, દુઃખ ન લો. દુઆયેં દો, દુઆયેં લો. સુખ દો, સુખ લો. પોતાનામાં રહેલી કમી-કમજોરીઓને ખલાસ કરવા, વિકારો પર વિજય પ્રાપ્ત કરવા, તથા મનોબળ (વીલ પાવર) વધારવા પ્રભુપિતા પરમાત્માને પ્રેમપૂર્વક યાદ કરતાં રહો. આપણે સૌ સાથે મળીને રાજયોગના અભ્યાસથી મૂલ્યોને ધારણ કરી, રાજરાજ્યને સાકાર કરવા લગીએ.

॥ ઓમશાંતિ ॥

- **પ્રભુ અને સમય જ મોટામાં મોટા ઘા રૂઝવનાર છે.**
- **મનુષ્ય પોતાના ક્રોધી સ્વભાવને નાબૂદ ન કરી શકતો હોય તે અન્ય લોકોના બીન કાબુ સ્વભાવની ટીકા કરી શકે?**

(પેજ નં. 15નું અનુસંધાન)... **પ્રસંગ પરિમલ**

ત્યારે સી.ઈ.ઓ.એ કહ્યું કે વાસ્તવમાં એક સાલ પહેલાં મેં આપ સર્વને જે બીજ આપ્યાં હતાં તે ઉકાળેલાં હતાં. તે જીવતાં નહોતાં. એનાથી છોડ ઉગી જ ના શકે. પણ આપ સર્વએ બીજ અંકુરિત ના થતાં દગાથી સારા સારા છોડવાળાં કૂંડા લઈને મને બતાવ્યાં. ભાવનાએ ઈમાનદારી તથા સચ્ચાઈથી કાર્ય કર્યું એટલે એ જ સી.ઈ.ઓ. પદની અસલ હક્કદાર છે.

॥ ઓમશાંતિ ॥

# સંકલ્પશક્તિ - સિદ્ધિની જનેતા

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

### રૂપાંતરની પ્રક્રિયાનો પ્રારંભ

પુષ્પ જેમ ખુશ્બૂનો નિરંતર પ્રસાર કર્યા વિના રહી શકતું નથી. તેમ માનવીનું મન પણ હરહમેશ વિચારો કર્યા વિના નથી રહી શકતું. સદા વિચારો કરવા - એ છે મનુષ્યના મનનો સ્વભાવ. કોઈપણ વિચાર ચોક્કસ વા નિશ્ચિત કાર્યપ્રતિ દૃઢ બને છે, ત્યારે તેને સંકલ્પ કહીએ છીએ. સુંદર, શ્રેષ્ઠ અને આત્મબળ સહિતના, શુભાશયવાળા સંકલ્પો કરનાર મનુષ્ય સુગંધિત પુષ્પની જેમ આકર્ષક અને ગુણવાન બનતો જાય છે. શ્રેષ્ઠ અને શુભ સંકલ્પો માનવીને આત્મ સંતુષ્ટ અને લોકપ્રિય બનાવવામાં ઉત્તમ ભાગ ભજવે છે. વિશાળ વૃક્ષની તાકાત જેમ તેના બીજમાં રહેલી શક્તિને આભારી છે, તે જ રીતે મનુષ્યના સમગ્ર જીવન અને ભાવિનો આધાર સંકલ્પશક્તિ પર રહેલો છે. શુદ્ધ, પવિત્ર અને દૃઢ સંકલ્પો માનવને મહાનતાના શિખરે આરૂઢ કરી આબાદ બનાવી શકે છે. તો અશુદ્ધ, અપવિત્ર અને હીન સંકલ્પો માનવીને બરબાદ કરીને શૂદ્ર અને અભદ્ર જીવનની ખાઈમાં ધકેલી દઈ શકે છે. પ્રબળ સંકલ્પશક્તિને કારણે જ સિદ્ધાર્થમાંથી બુદ્ધ, નરેન્દ્રમાંથી વિવેકાનંદ અને મોહનમાંથી મહાત્મા ગાંધી જેવી વિભૂતિ પ્રકટી શકે છે. સંકલ્પની અપરિમેય શક્તિ વડે જ એક ભયંકર લૂંટારો પતિતમાંથી પાવન અર્થાત્ વાલિયામાંથી વાલ્મીકિઋષિ અને અંગુલિમાન-માંથી નમ્રભિક્ષુમાં રૂપાંતર પામી શકે છે. દાનવમાંથી દેવ બનવાની પ્રક્રિયાનો પ્રારંભ સંકલ્પ-શક્તિથી થાય છે.

### આરંભ અને લક્ષ વચ્ચે સેતુ

સંકલ્પશક્તિ એ તો છે સિદ્ધિના શિખર માટેનું પ્રથમ સોપાન. એક વાર દૃઢ સંકલ્પ થયો, પછી એવું તો બળ, એવી તો તાકાત પ્રકટે છે કે જે મનુષ્યને નિરંતર લક્ષપ્રતિ ખેંચી રાખે છે, લક્ષની જરાપણ વિસ્મૃતિ થવા દેતી નથી. અંતરમાં એક અનોખી લગની, એક તીવ્ર જ્વાલા પ્રકટાવે છે, જેને કારણે જીવનના સર્વ વ્યાપારો, સર્વ તૃષ્ણાઓ, સર્વ કામનાઓ અને મહેચ્છાઓ નિશ્ચિત લક્ષપ્રતિ તેની પ્રાપ્તિ પ્રતિ એકાગ્ર અને એકરૂપ બનીને વહે જાય છે. જાણે એક અલખ જ્વાળા પ્રગટી ઊઠી ન હોય! હા, લક્ષ એટલું જ ઉન્નત, સમર્થ અને જીવન્ત રસ પ્રેરે એવું હોવું આવશ્યક છે. પ્રભુમિલનની પ્યાસ, મીરાં સૂરદાસ અને નરસિંહના જીવનમાં કેવી મધુર આગ બનીને ભભૂકી ઊઠી હતી! પિયા મિલનની આશ સંગમયુગમાં પરમાત્માની પ્રાપ્તિનું લક્ષ - પ્રત્યેક આત્મામાં એક લગનની જ્વાળા પ્રગટાવી શકે છે, જેમાં સર્વ શૂદ્ર તૃષ્ણાઓ અને દિકભ્રાન્ત વ્યર્થ સંકલ્પો હોમાઈ જઈ શકે. ત્યારે રૂપાંતર કહો યા પરિવર્તન હો - અદમ્ય પુરુષાર્થના ફળરૂપે પ્રગટ થાય છે. સંકલ્પશક્તિ અને સિદ્ધિ વચ્ચેનો હેતુ છે આ અદમ્ય પુરુષાર્થના ફળ સ્વરૂપ પરિવર્તન - યા રૂપાંતર શક્તિ.

### પુરુષાર્થ એટલે ત્યાગ

પ્રબળ સંકલ્પ પ્રબળ પુરુષાર્થનું કારણ અને ભૂમિકા બન્ને બને છે. કમજોર સંકલ્પ કમ પુરુષાર્થ કરાવે છે ('આરંભે શૂરા'ની જેમ). જ્યારે સાધારણ સંકલ્પ સાધારણ પુરુષાર્થ કરાવીને સાધારણ ફળની પ્રાપ્તિ કરાવે છે. પરંતુ જ્યાં ત્યાગ દ્વારા સર્વ દુન્યવી વળગણો - આકર્ષણો - પ્રલોભનો - ખેંચાણો ખરી પડે ત્યારે પુરુષ અર્થાત્

આત્મા અર્થ અર્થાત્ ધ્યેય પ્રતિ ગતિ કરવા સમર્થ બને છે. સ્વામી વિવેકાનંદે ખૂબ જ સાચું કહ્યું છે - Great things are done only by great sacrifice.

'ઉત્તમ કાર્યો મહાન ત્યાગ વિના સંભવી ન શકે.' અને ત્યાગ એટલે શું? ભૌતિક સાધનો આકર્ષણો અને વ્યક્તિના સંબંધોના રસિક ખેંચાણોમાંથી મુક્તિ. અભાવ કે ઉપેક્ષા મનમાં કરવાની વાત નથી. કારણ તે પણ એક નવું બંધન તો સર્જે છે. વૈરાગ્ય અપનાવવાની જરૂર નથી. માત્ર રાગથી મુક્ત હોવાની જરૂર છે.

ભારતમાતાની આઝાદીના મહાન લડવૈયા લોકમાન્ય ટિળકના 'સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ અધિકાર છે, અને અમે કોઈપણ ભોગે તે મેળવીને જ ઝંપીશું' - આ દૃઢ સંકલ્પથી ભારતવાસીઓમાં કેવું જોમ પૂરાયું હતું! આ દૃઢ સંકલ્પના સમર્થ આંદોલનો vibrations ક્યા માધ્યમથી અનેક દેશપ્રેમી હૃદયોએ ઝીલ્યાં હશે? આ વિચારવા જેવી વાત છે. મહાત્મા ગાંધીજીએ વિદેશીઓ પ્રતિ Quit India 'હિંદ છોડો'ની ગર્જના કરી ત્યારે ચૈતન્ય-શક્તિનો અદ્‌ભુત પ્રવાહ એક એક ભારતવાસીમાં કેવા વેગથી ફેલાઈ ગયો હતો! માત્ર એક ગાંધીબાપુના આત્માનો દૃઢ સંકલ્પ કરોડો માનવીઓના જીવનને હલાવી નિર્ભયતા અને વીરતાનું દાન દેતો ગયો. જેથી દેશદાઝની એવી તો જ્વાળા પ્રગટી કે અંગ્રેજોની ગોળીઓ કે કારાવાસોની કોઈએ પરવા ના કરી. આઝાદીના લક્ષમાં જીવનને હોડમાં મૂકી દીધું. કુરબાનીને બાથમાં ભીડી. જીવતરની કોઈ સુંવાળપ આઝાદીની આ અગનમાંથી ખેંચી શકી નહીં. સંકલ્પશક્તિથી જ જીવનની કે રાષ્ટ્રની આઝાદીની પ્રાપ્તિ તરફ આવા શ્રેષ્ઠ બલિદાનની આહુતિઓ શક્ય બની.

મહાવીરને 'મહાવીર' અને સિદ્ધાર્થને 'બુદ્ધ' બનવા સુધીના પુરુષાર્થમાં કેટકેટલી અને કેવી ત્યાગ ભાવની અજાણ કહાનીઓ ગર્ભિત હશે? દૃઢ સંકલ્પ બળ અદમ્ય પુરુષાર્થથી અને પુરુષાર્થ અખૂટ ધીરજ અને ત્યાગથી સભર હોય એ અત્યંત જરૂરી છે. સ્વામી દયાનંદ સરસ્વતી, મહર્ષિ અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ જેવી તપસ્વી મૂર્તિઓના પુરુષાર્થ ત્યાગની ભાવનાથી સભર હતા. ત્યાગ વિના તપસ્યા અર્થાત્ પુરુષાર્થ શોભે નહિ. ફળ ન આપે.

## સંકલ્પશક્તિના ભૌતિક ચમત્કારો

રશિયન બહેન સંકલ્પબળથી જ ચુંબકીય સોયને દૂર રહી દૃષ્ટિમાત્રથી હલાવી કે ફેરવી શકતી હતી એક હિપ્નોટીસ્ટ જ્યારે વારંવાર સૂચનો કરે છે કે - 'તમારું શરીર લોખંડનું છે, - બિલકુલ લોખંડનું' ત્યારે જેના પર પ્રયોગ થતો હોય છે તે વ્યક્તિના અવચેતન મનમાં આ જ સંકલ્પો ઝીલાય છે. પછી ખુરશીના બે હાથા પર તે વ્યક્તિના શરીરને ગોઠવીને તેના પર છ છ માણસો ઊભા રાખવા છતાં, કે પછી તેના હાથ-પગમાં સોય ઘોચવા છતાં તે વ્યક્તિને કાંઈ જ અસર થતી નથી. તે હિપ્નોટીસ્ટ સંકલ્પશક્તિથી સૂચનો દ્વારા વ્યક્તિ પર કાબૂ મેળવી કેવા અદ્‌ભુત પ્રયોગો કરે છે?

એવી અનેક સત્ય ઘટનાઓ જાણવામાં આવી છે કે ઘરમાં યા હોસ્પિટલમાં આગ લાગી હોય ત્યારે દિવસોના પથારીવશ નિર્બળ દર્દીઓ એકદમ ઊભા થઈ ભાગી જઈ શકે છે! (પહેલાં તો તેઓ શૌચક્રિયા પણ પથારીમાં જ રહીને કરતા હતા!) એટલું જ નહિ પરંતુ તેઓએ અન્યને પણ બચાવ્યાના આશ્ચર્યમાં મૂકી દે તેવા દાખલાઓ આપ્યા છે.

બીમાર માતા બળતા ઘરમાંથી પોતાના બાળકને તેડીને નાસી જઈ શકે છે! તે તે ઘટના દરમિયાન જન્મતી સંકલ્પશક્તિ પણ કેવા ચોટદાર પરિણામો આપે છે! સંકલ્પશક્તિથી તો પરમલક્ષ પ્રતિ પણ 'ત્યાગની' ગાથાઓ આથી પણ વધુ ઉજ્જવળ રૂપે સંભવ બની શકે છે.

## નેગેટીવ સંકલ્પશક્તિ

'હું તો બીમાર છું.' 'મારાથી તો આ કેવી રીતે થાય?' 'મને તો આ આવડે જ શી રીતે?' 'આવી કડક ધારણા તે થતી હશે?' - આવા નિર્બળ, અશુદ્ધ અને હીન કક્ષાના સંકલ્પો મનુષ્યને લાંબા સમય માટે બીમાર, અશક્ત, નબળા મનના અને નકામા બનાવી મૂકે છે. ધીરે ધીરે ધારણામાંથી આવી વ્યક્તિ ચલિત થતી જાય છે. અન્યની ઈર્ષા, નિંદા અને પરચિંતનના વિચારોમાં મગ્ન રહી પોતાના અને અન્યના પતનનું કારણ બની જાય છે. એક પાપ સંકલ્પની ઉત્પત્તિ અનેક સમાન વિકલ્પોને જન્માવીને ઉચ્ચ જન્મ અને ઉચ્ચ ભાગ્યનો છેદ કહી દે છે. અને સાથે સાથે અશુદ્ધ વાયુમંડલ રચીને અન્યના ભાગ્યને હાનિ કરવામાં નિમિત્ત બની વિકર્મોની હારમાળા રચી પોતાના હાથે પોતાના ભાગ્ય પર કુહાડી મારવાનું કર્મ કરે છે. આવા કર્મની સ્થૂળ અને સૂક્ષ્મ, વર્તમાન સમયે અને ભવિષ્યમાં પણ સજા ભોગવવા છતાં આવા આત્માઓ પરમાત્માના સંગથી વિખૂટા પડતાં ફરીથી ભાગ્યનિર્માણના શ્રેષ્ઠ કાર્યમાં લાગી જઈને શ્રેષ્ઠ કર્તવ્ય કરી શકતા નથી. કારણ કે તેનામાં પરમાત્મા સન્મુખ પોતાની જાતને ખુલ્લી કરી દેવાની શક્તિ પણ બચી હોતી નથી. વ્યર્થ સંકલ્પ, વિવાદ, પરચિંતન, મમત્વ, દોષદર્શન, અહંકાર, માનની ભૂખ અને તેનો સ્વીકાર, પોતાના મત માટે દુરાગ્રહ અને વસ્તુ તથા વ્યક્તિ તરફનો ઝુકાવ - આ સર્વ એકરસ સ્થિતિના અવરોધક બનીને 'સંપન્ન' અને 'સ્વરૂપ' અવસ્થાની પ્રાપ્તિથી તો દૂર રાખે છે. પરંતુ અશુદ્ધ અને નેગેટીવ સંકલ્પોની હારમાળા રચવા તરફ અનાયાસે મનને દોરી જાય છે. જેને રોકવા માટેની શક્તિ તો પહેલેથી જ ખૂટી પડેલી હોય છે. એટલે કૃષ્ણમૂર્તિ કહે છે તમે મનમાં ઊઠતાં પ્રત્યેક તરંગને જોયા કરો સાક્ષીદૃષ્ટા બનીને. માલિક જાગતો હોય તો ચોર ચોરી કરી શકતો નથી.

ભયના સંકલ્પ કેવું ભયંકર પરિણામ નીપજાવી શકે છે તેનું આ ઉદાહરણ છે. એકવાર કોલેજ હોસ્ટેલના કેટલાક વિદ્યાર્થીઓએ રમૂજમાં નવા આવેલા એક વિદ્યાર્થીને - 'તું તો ખૂબ જ ફીક્કો પડી ગયો છે કાંઈ!' - એમ વધારે વખત કહેવાથી તે બીજે જ દિવસે બીમાર ને પીળો પડી ગયો! 'તારું મોત આઠમે દિવસે છે' - એવી જ્યોતિષવાણી ખોટી હોય તો પણ સાચી પડી જાય છે. ભયનો તીવ્ર સંકલ્પ મનુષ્યના આરોગ્યનું ને જીવનું પણ જોખમ નોતરી શકે છે.

## બ્રહ્માનો શ્રેષ્ઠ સંકલ્પ

શાસ્ત્રોમાં ઉલ્લેખ છે - 'બ્રહ્માએ સંકલ્પ દ્વારા સૃષ્ટિની રચના કરી.' આ ગર્ભિત કથનનું રહસ્ય નહિ જાણનાર તો એવી કલ્પનામાં જ રહેશે કે બ્રહ્માએ સંકલ્પશક્તિ દ્વારા આ સૃષ્ટિની શરૂઆત કરી હશે. અને કોઈક ચમત્કારથી સૌ પ્રથમ બ્રાહ્મણોને મુખમાંથી પેદા કર્યા હશે. પરંતુ બ્રહ્માના મુખેથી નીકળેલ જ્ઞાન દ્વારા જ સાચા બ્રાહ્મણોની રચના થઈ હશે. અને તેઓ પોતાના શ્રેષ્ઠ કર્મ દ્વારા અને તપસ્યા (યોગ) દ્વારા પ્રભુના પ્યારા બનીને 'બ્રાહ્મણ સો દેવતા' ઉક્તિને ચરિતાર્થ કરી હશે. આવા બ્રહ્મા અગર સાચે પ્રજાના પિતા હોય તો તેમનું કર્તવ્ય અહીં ભારતભૂમિ પર જ શરૂ થયું હોવું જોઈએ. અને અહીં જ તેમના દ્વારા

પરમાત્માએ ગીતાજ્ઞાન વહાવ્યું હોવું જોઈએ. કારણ શાસ્ત્રોમાં એ વાત પણ છે કે ગીતા જ્ઞાન શિવે (પરમાત્માએ) સૌ પ્રથમ બ્રહ્માને આપ્યું. બ્રહ્માએ સરસ્વતીને આપ્યું અને અનેક બ્રાહ્મણો પણ આ જ્ઞાન દ્વારા જ પેદા કર્યા.

આથી સ્પષ્ટ અને સિદ્ધ થાય છે કે ધર્મગ્લાનિના સમયે, પતનના સમયે અર્થાત્ ઘોર કલિયુગના સમયે, મહાભારતમાં વર્ણવી છે તેવી સ્થિતિ અને તેવા મનુષ્યો (કૌરવો અને પાંડવો) હોય ત્યારે જ ગીતાનું જ્ઞાન પ્રકટ થાય છે. ગીતામાં સ્પષ્ટ છે કે 'હું સાધારણ તનમાં પ્રવેશ કરીને આ ગીતા જ્ઞાન આપું છું.' જે તનને 'પ્રજાપિતા બ્રહ્મા' એવું નામ આપવામાં આવે છે. તેથી પ્રજાપિતા બ્રહ્મા અહીં જ, વર્તમાન કળિયુગી ધર્મગ્લાનિના સમયે કર્તવ્ય કરતા હોવા જોઈએ. જેથી તેમના દ્વારા ગીતાજ્ઞાન અને રાજયોગનું શિક્ષણ મેળવીને સાચા બ્રાહ્મણો સતયુગી દિવ્ય સૃષ્ટિની સ્થાપનાના ઈશ્વરીય કર્તવ્યમાં સાથ આપી શકે.

આ સમજથી ચમત્કાર અને અંધશ્રદ્ધાનું વાદળ વિખરાઈ જશે. પ્રજાપિતા બ્રહ્માના પૂર્વજીવનનું પરમાત્માએ કેવી રીતે પરિવર્તન કરી નાખ્યું તે પણ સમજાશે. જ્યારે દાદા લેખરાજને (બ્રહ્માનું પૂર્વજીવન) સાક્ષાત્કાર થયો. ત્રણ તેજસ્વી સિતારા નીચે ઊતરી આવીને સુંદર, દૈવી રાજકુમાર યા રાજકુમારી બની જતાં જોયાં, ત્યારે ઘડીભર તો ખૂબ જ મંથન થયું. પછી સંકલ્પ ઊઠ્યો, ત્યારે ઘડીભર તો ખૂબ જ મંથન થયું. પછી સંકલ્પ ઊઠ્યો, 'આવી દુનિયા શક્ય છે?' અને દિવ્ય સંદેશ મળ્યો, 'તારે આવી દિવ્ય દુનિયાનું સર્જન કરવાનું છે.' આ દિવ્ય સંદેશે દાદાના આંતરિક અને બાહ્ય જીવનને હચમચાવી નાંખ્યું. દાદાએ કરોડોની ધન-દોલત, કુટુંબ-પરિવાર અને સંસારની સર્વ આળ-પંપાળને સ્વાહા કરી દીધી! ગીતા રુદ્ર જ્ઞાનયજ્ઞના રખેવાળ (દક્ષ પ્રજાપતિ) બન્યા. કેવું ભગીરથ બળ સર્જ્યું એક શ્રેષ્ઠ સંકલ્પે !-'નવી દુનિયાનું નિર્માણ કરવું છે.' - આ સંકલ્પમાં આપણે જીવનપ્રવાહને વાળી દઈએ તો દિવ્ય સૃષ્ટિને લાયક દિવ્યગુણોની ધારણા કરવામાં બ્રહ્માની જેમ આપણામાં પણ બળ પ્રકટી શકે છે. કારણ 'બ્રહ્મા દેવતાય નમઃ' ની જેમ જ 'બ્રાહ્મણ દેવતાય નમઃ'નું પણ ગાયન છે. હિંસાના બળથી અને દૃઢ સંકલ્પ શક્તિ વડે સિકંદર અને નેપોલિયન જેવા સામાન્ય સિપાહીઓએ મહાન સેનાપતિ બની દુનિયાને જીતી બતાવી હોય, અને અહિંસાના શુદ્ધ બળથી ગાંધીબાપુ ભારતને આઝાદી અપાવી શક્યા. તો દૃઢ સંકલ્પશક્તિ અને પરમાત્માની સહાય વડે યોગબળથી આપણે પણ શ્રેષ્ઠ દુનિયાની સ્થાપના કરીને વિશ્વવિજેતા બની શકીએ છીએ.

## પ્રત્યેક કાર્ય-વ્યવહારનું બીજ સંકલ્પ

વાણી વ્યવહાર અને કાર્યનું આવિર્ભાવનું મૂળ, સંકલ્પ યા તો વિચારમાં રહેલું છે. જેમ વૃક્ષનો વિસ્તાર તેના બીજમાં સમાયેલો છે. તેમ જીવનના વિસ્તાર-વ્યવહાર-સફળતા-નિષ્ફળતાનું મૂળ તેના સંકલ્પોમાં છુપાયેલું છે. કટુ અને કલહ યુક્ત જીવનનું મૂળ તેવા અશુદ્ધ સંકલ્પો છે, તેમ મધુર-વાણી વ્યવહાર અને સફળતાનું મૂળ શુદ્ધ અને શ્રેષ્ઠ સંકલ્પોમાં છે. વિકાર યુક્ત વિચાર મનુષ્યને પતિત કાર્યો તરફ ખેંચી શૂદ્રજીવનની ગર્તામાં ધકેલી દે છે. જ્યારે શ્રેષ્ઠ અને શુભ સંકલ્પો માનવીના જીવનને મહાનતાના શિખરે આરુઢ કરે છે. એક જ શુભ અને શ્રેષ્ઠ સંકલ્પ અનેક શુદ્ધ સંકલ્પોની રચના કરી જીવનને દિવ્યતાથી અજવાળી દે છે અને હીન યા અશુદ્ધ સંકલ્પોને ભસ્મ કરી શકે છે. આમ શ્રેષ્ઠ જીવનનું નિર્માણ અને વ્યર્થતાનું ખંડન એકી સાથે કરી શકે છે.

## ગીતાના પરમાત્માનો મંત્ર

જીવનની હરપળ- હર સેકન્ડ સંકલ્પ કે વિકલ્પોથી શૂન્ય રહી શકતી નથી. વિચારો મનરૂપી સરોવરમાં સદાકાળ તરંગોની જેમ ઊઠ્યા જ કરે છે. એ તરંગો ને નાથવા શી રીતે?

ધર્મયુદ્ધ (વિકારો સામેના યુદ્ધ) માટે તત્પર એવા યોદ્ધા અર્જુન (પ્રાપ્ત કરવા ઉત્સુક આત્મા)ને ગીતાના ભગવાન સમગ્ર ગીતાસાર એક જ મંત્ર 'મનમનાભવ' દ્વારા સંભળાવે છે. 'તારું મન મારામાં લગાવ' મનનો વિસ્તાર સંકેલી એક પરમાત્મામાં મનને જોડવાની વાત મંત્રમાં અભિપ્રેત છે. મનનાં ચંચળ વ્યાપારને સંકેલવા માટે એકાગ્રતાની શક્તિ ક્યાંથી પ્રાપ્ત થશે? એ પ્રશ્નનો ઉત્તર આ મંત્રમાં ગર્ભિત છે. 'તારા મનનું કેન્દ્ર એક જ 'મારામાં' નિશ્ચિત કર. તારા ભટકતા મનને મારામાં પરોવ.' કેવી ગુહ્ય છતાં સરળ વાત ! જેમ પ્રિયતમ એક નાની સરખી સલાહ આપે કે 'હે પ્રિયા, તું આટલું કર.' એવી આ મધુર સલાહ આત્મારૂપી પ્રિયતમાને પરમાત્મા પ્રિયતમ આપે છે.

'મવ્યર્પિતમ્ મનોબુદ્ધિ' - 'તારા મન બુદ્ધિ મને અર્પણ કર.' આ આદેશ દ્વારા એક પિતા પરમાત્મામાં એકાગ્ર થવાનો કેવો સુંદર એક અને અદ્વિતીય માર્ગ બતાવ્યો છે. ગીતાજ્ઞાન એટલે આધ્યાત્મિક વિજ્ઞાન Spiritual Science. જે જીવનની કલા શીખવે છે અને હરકોઈ કલા સાધના દ્વારા સિદ્ધ થતી હોય છે. પ્રત્યેક સાધનાનું મૂળ સ્રોત છે સંકલ્પ. આમ સંકલ્પ એક કરંટ-વિદ્યુત બનીને શક્તિ અને સિદ્ધિનો અજસ્ત્ર સ્રોત ઉત્પન્ન કરવા સમર્થ બની શકે છે. પુરુષાર્થીની આવી નિરંતર-અસ્ખલિત એકરસ સાધનાના પ્રવાહમાં વ્યર્થ સંકલ્પોની ભૂલભૂલામણી કે ભાવ-સ્વભાવ-સંસ્કારના સંઘર્ષની બીમારી ટકવાની કોઈ ગુંજાઈશ રહેતી જ નથી.

## શ્રેષ્ઠ સંકલ્પોની સૃષ્ટિ

જેમ રાજહંસ મોતીનો જ ચારો ચરે છે. તેમ રાજયોગી અર્થાત્ શ્રેષ્ઠ આત્મા જ્ઞાનબિંદુરૂપી સંકલ્પોના મોતીને આત્મસાત્ કરી સ્વરૂપ સ્થિતિમાં મગન બની રહે છે. સ્વાતિનક્ષત્રમાં સાગરની છીપ વર્ષાના બિંદુને ઝીલી મોતી પકવે છે તેમ સાધક આત્મા શ્રેષ્ઠ સંકલ્પો દ્વારા સિદ્ધિ સ્વરૂપ બને છે. પછી તેના બોલ-મોતી સમાન અમૂલ્ય. નયનો-કમલ સમાન શીતળ અને અમીઝરતા, તથા વ્યવહાર અત્યંત મૃદુ, મધુર અને આત્મીય બની જાય છે. ન્યારાપનની સાથે સાથે પ્યારાપનનો અનુભવ કરાવે છે. દૈવી સૃષ્ટિના સંસ્કારની ઝાંખી કરાવી ખુશીની સોગાદ હર સંપર્કમાં હર વ્યક્તિને અનાયાસે પ્રાપ્ત થતી રહેતી હોય છે.

'મૈં શરીર સે ન્યારી એક શુદ્ધ આત્મા હૂં.'- આ શ્રેષ્ઠ સંકલ્પ માત્રે એક સાધારણ માનવીને (દાદા લેખરાજને) 'બ્રહ્માપદ'ની મહાનતા બક્ષી. હું શરીરથી પણ ન્યારો આત્મા શુદ્ધ સ્વરૂપ છું એ ભાવ, એ સમજ, એ સ્થિતિ અને તેની નિરંતરતા સૃષ્ટિ પરના સર્વ સંબંધો અને પ્રલોભનોના વળગણોનો ઢીલાં કરી સામર્થ્ય બક્ષી જાય છે. 'ઈસ સૃષ્ટિ મેં મૈં આત્મા મુસાફિર હું.' આ સંકલ્પ જ્યારે નિરંતર સ્થિરતા ધારણ કરે છે ત્યારે તે સ્થિતિ આત્મ સ્વરૂપની બનીને સિદ્ધિ સ્વરૂપે આનંદની અનુભૂતિનો આસ્વાદ અવશ્ય કરાવી જાય છે. એક એવી શક્તિની સ્ફૂરણા થાય છે જેના વડે આત્મા ફૂલ સમાન પ્રફુલ્લ, નિર્મળ અને બોજમુક્ત મહાનતાનો અનુભવ કરાવે છે. એ સ્થિતિમાં સર્વ સાંસારિક રૂપ રસ રંગ-ગંધ અને સ્પર્શના આકર્ષણોના બંધનો છેદાઈ જાય છે. એક અવ્યક્ત, અશરીરી, બંધનમુક્ત અને સદાપ્રસન્ન

અવસ્થાનો અનુભવ કરાવી તો જાય છે. સાથે સાથે તેની અસર નીચે સર્વ સૂક્ષ્મ-સ્થૂળ ઈન્દ્રિયો લાંબા સમય સુધી રહે છે.

આમ જીવનની કલા, જીવનની સંપૂર્ણતા અને સંપન્ન સ્થિતિ આત્મ સ્વરૂપ હોવાના સામર્થ્ય દ્વારા પ્રગટ થાય છે. 'મૈં આત્મા શક્તિ સ્વરૂપ-જ્વાલા સ્વરૂપ હૂં.' આ શ્રેષ્ઠ સંકલ્પથી એકરસ બનેલી આત્મિક અવસ્થામાં શક્તિના સાગર - સર્વ શક્તિમાન પરમાત્મા સાથેનું અનુસંધાન રચાય છે ત્યારે જે સિદ્ધિની પ્રાપ્તિ થાય છે તેના વડે સર્વઆંતરિક નિર્બળતાઓ અને સ્વભાવ સંસ્કારના હઠીલા બંધનો ખતમ થતાં જાય છે. 'જ્વાલામૂર્તિ સ્થિતિનો' સંકલ્પ અને તેના અભ્યાસની નિરંતરતા 'શક્તિ સ્વરૂપ'ના પ્રાદુર્ભાવનો આધાર બનીને જન્મજન્માંતરના વિકર્મોનો વિનાશ કરે છે. તેની પ્રતીતિરૂપે પ્રસન્નતા, ખુશી, સહજયોગીની સ્થિતિ અતીન્દ્રિય સુખ તથા સંતુષ્ટતાની લહેરોમાં આત્મા લહેરાતો જતો હોય છે.

આવા સંપન્ન અને સંપૂર્ણ વિશ્વ પરિવર્તનના કલ્યાણી કાર્યનો અને અન્ય આત્માઓ માટે પ્રેરણાનો આધાર બની જાય છે. 'દૃઢ સંકલ્પની તિલી કમજોરીઓ અને બુરાઈઓના અસુરને ભસ્મીભૂત કરીને જ છોડે. આ છે સત્ય પરમાત્માનું સત્ય વચન.

'મૈં આનંદ કે સાગર પરમપિતા શિવબાબા કી સન્તાન ઉનકી ગોદ મેં પરમાનંદ કી લહેરો મેં લહરા રહી હૂં.' આ શ્રેષ્ઠ સંકલ્પ સહિતની યોગ અવસ્થાનો પ્રભાવ ધીરે ધીરે સર્વ સ્થૂલ સૂક્ષ્મ કર્મેન્દ્રિયોને માધુર્યભાવથી ભરી દેશે. આનંદના સ્પંદનો રોમેરોમમાં સંચરશે. મુખ પરની રેખાઓ અને નયનોમાં હર્ષ તથા પ્રસન્નતાની ચમક દેખાશે. અંતરમાં આનંદની હેલી હિલોળા લેશે. આવા આત્માઓની સ્થિતિ પણ આનંદ સ્વરૂપમાં સ્થિત થઈ શકશે. એક અતીન્દ્રિય સુખ, ઉલ્લાસ, આનંદ અને પ્રસન્નતાનો હિલ્લોળ સમગ્ર વાયુમંડળમાં છવાઈ જશે. એક અવર્ણનીય મૌન આનંદભાવ યોગમાંથી ઊઠ્યા પછી પણ અશરીરી અને ફરિશ્તાપનની અપાર્થિવ ભૂમિકામાં મધુર સુમધુર પ્રાપ્તિનો, સંગેસંગના રંગનો કલ્પનાતીત આસ્વાદ કરાવી જશે. આનંદ સ્વરૂપનો શ્રેષ્ઠ સંકલ્પ તેમાં મગન અવસ્થા અને તેની પ્રાપ્તિ સિદ્ધિ તે આ - મૌલાઈ મસ્તી, પરમાત્મા સાજનની હું આત્મા સજની.

'પ્રેમના સાગર પરમાત્મા પ્રિયતમની હું પ્રિયતમા સજની છું. તો ગોપી છું. હું તો તેમની બંસરી છું. હું તો ગોપી છું. એ ઈચ્છશે તે સૂર મારામાં બજાવીશ.' આવો મધુર અને પ્રિય સંકલ્પ પ્રેમ પારાવાર, પ્યારનો અનંત સાગર - એવા પ્રિયતમની પ્રિયતમા-આત્મા, એક અભિસારિકા બની, સર્વસ્થૂળભાન ભૂલી, પ્રિયામિલનની આશામાં લવલીન અવસ્થા પ્રાપ્ત કરવાનો તીવ્ર તલસાટ અનુભવે છે ત્યારે અંતરની સર્વ ભાવોર્મિઓ પ્રેમના એક સુમધુર પ્રવાહમાં સંચરિત થઈને પ્રાણ-પ્રિયતમ પ્રભુપ્રતિ સમર્પિત થાય છે. મિલનની એક અનોખી તાલાવેલી, એક તીવ્ર ઝંખના રોમેરોમ ઊભરાઈને મીરાં જેવી વેદના અને વ્યાકુલતાને પ્રગટાવે છે. અંતરમાં રાધા-ભાવ જાગૃત થાય છે. મિલનની તૃપ્તિની પરિસીમાનો સ્પર્શ થાય છે. પ્રેમના સાગરની છોળોમાં આત્મા, સજની ભાવની પ્રસન્નતા અને પ્રેમવિભોરતામાં ખોવાઈ જાય છે. પરમ પ્રેમના આશ્લેષમાં મગન બની અતીન્દ્રિય રાસની મસ્તીમાં મસ્ત થઈ, ભરપૂર અને સંપન્ન પ્રેમની અવસ્થાનો અનુભવ કરે છે. મૌન-મૂક રૂહરૂહાન (સાજન સાથેની વાતચીત) ચાલે છે. મુખ નયન સર્વ કમળ સમાન

શીતળ અને પ્રસન્ન ભાસે છે. પરમાત્મા સાજન સાથેનો આત્મા-સજનનો આ વિહાર જીવનની ધન્ય ક્ષણો બની જાય છે. એક અને અદ્વિતીય આકર્ષણ મૂર્ત પરમાત્મા પ્રિયતમ સાથેના સંગના રંગ સામે સંસારના સર્વ રંગો ફીકા પડી જાય છે. એક નવું અને અનોખું બંધન દુન્યવી અન્ય બંધનોનાં છેદ ઊડાડી દે છે. એક મધુર ભાવની રટણા નિરંતર પ્રેમસુખનો પ્રેમયોગનો પરિતોષ પ્રગટાવી જાય છે. 'જલ બિન મીન' જેવી અવસ્થા 'પિયુ બિન પ્રિયા'ની બની જાય છે. આવી ગોપી આત્મા ન બોલે, ન નજર કરે તો પણ સમ્પર્કના આત્માને પ્રેમઝરણમાં ભીજવી પરમ સુખના ભાવનો સ્પર્શ કરાવવા જેટલો સમર્થ બન્યો હોય છે. અને તેની અવસ્થા તો 'તુમ્હીં સે બોલું, તુમ્હીં સે સુનું'ના વાયદાને પરિપૂર્ણ કરતી ના હોય, એવી બની ગઈ હોય છે.

સંકલ્પની શક્તિ કેટકેટલી અને કેવી કેવી પ્રાપ્તિ અને સિદ્ધિની જનેતા છે? સંકલ્પથી જ સર્વશક્તિઓની પ્રાપ્તિ, કન્ટ્રોલીંગ અને કરેક્શનના પાવરની પ્રાપ્તિ, સાક્ષાત્કાર કરવા અને કરાવવાનું સામર્થ્ય, દૂર દર્શન, દૂર શ્રવણ અને દૂર દૂરના આત્માઓને શિવપિતાનો સંદેશ પહોંચાડવાની સિદ્ધિ, સંકલ્પ દ્વારા શાંતિ અને સુખનો અનુભવ કરાવવાની વિધિની સિદ્ધિ, સંકલ્પ દ્વારા જ સૃષ્ટિના પરિવર્તનની વિશ્વકલ્યાણી શક્તિની પ્રાપ્તિ, પ્રભુમય જીવનની મસ્તી અને પ્રાણ-પ્રિયુ પરમાત્માના હૃદય સિંહાસનનું અણમોલ ભાગ્ય કેટકેટલી સિદ્ધિની સંભાવના સંકલ્પ શક્તિમાં સમાયેલી છે.

॥ ઓમશાંતિ ॥

● **જીવનમાં દરેક પરિસ્થિતિનો સામનો કરવો જ પડશે. તો શા માટે પ્રેમથી સામનો ન કરીએ?**

**(પેજ નં. 27નું અનુસંધાન)...** **સત્ય અને સ્નેહ**

ઈચ્છાનું અવસાન થયેલું માની બેસે છે. પણ આ બધા વહેવારું વલણો છે. જ્યાં સુધી 'ના' શબ્દની પાછળનું સાચું કારણ જાણવા ન મળે ત્યાં સુધી વિવેકને શૂન્ય દૃષ્ટિએ પહોંચાડવો એ જીવન માર્ગની મોટી ભૂલ છે.

'ના' અદ્વૈત છે તો 'હા' એ દ્વૈત છે. પણ 'હા' જ્યારે ખુશામતનું ખોળિયું પહેરીને આવે છે, ત્યારે અદ્વૈતનો આભાસ ઉત્પન્ન થાય છે અને દ્વૈત કાયમ રહે છે. 'હા' જિંદગીનું સત્ય બની શકે. જો આપણને આવરણ વિના ઉચ્ચારતા આવડતી હોય તો. 'હા' શાંતિની સર્જક બની શકે. જો તે બુદ્ધિ અને સમન્વયમાંથી પ્રકટી હોય તો. 'હા' સ્નેહની સુગંધ બની શકે. જો તે અંતસ્તલમાંથી પ્રગટી હોય તો. 'હા' સ્નેહની સુગંધ બની શકે, જો તે અંતસ્તલમાંથી પ્રગટી હોય તો. 'હા' એક એવી અમરવેલ છે જેના વિવેકશીલ ઉપયોગમાં જ આપણી જિંદગીની સાર્થકતા સમાયેલી છે.

નકારાત્મક દૃષ્ટિવાળો માનવી જ 'હા' નો વિચાર શૂન્ય બનીને ઉપયોગ કરે છે. જ્યારે સદ્‌ગુણ દૃષ્ટિવાળો માનવી તો 'હા' શબ્દને સત્યના પડઘારૂપે જ પ્રયોજે છે. મિત્રો, ચાલો આપણે 'હા' શબ્દની અમરવેલને જીવનનું લક્ષ્ય બનાવીએ અને તેના સ્નેહની સુગંધ ચારે તરફ મહેંકાવતાં રહીએ અને હાજીનો પાઠ પાક્કો કરતા રહીએ એવી શુભ ભાવના અને શુભ કામના સાથે.

॥ ઓમશાંતિ ॥

● **સદા પ્રસન્નચિત્ત રહેવા માટે એક પરમાત્માના સ્નેહમાં સદા સમાયેલા રહો. તો સ્નેહના રીટર્નમાં સર્વ પ્રાપ્તિઓ સ્વતઃ મળી જશે. પ્રાપ્તિ સંપન્ન બનવાથી પ્રસન્નચિત્ત સ્થિતિનો અનુભવ થશે. પછી કોઈ પણ પ્રકારનો સહારો આકર્ષિત નહીં કરે.**

# સત્ય અને સ્નેહની સુગંધ ‘હા’ શબ્દમાં

બ્ર.કુ. અનિલ, સુરત

‘હા’ એ કેટલો સરળ શબ્દ છે. જાણે આ એક શબ્દમાં અનેક પ્રશ્નોનો ઉત્તર આવી જતો ન હોય? મહાભારતના પાંચ પાંડવોમાં આજ્ઞાંકિતપણાનું ભારોભાર ‘હાજી’ શબ્દનો પાઠ પૂરોપૂરો ભણ્યા હોય એવું લાગે છે. જ્યારે જ્યારે પણ શ્રીકૃષ્ણએ અને ગુરુજનોએ જે સૂચનો આપ્યા, જે આજ્ઞાઓ આપી એનો કદાપિ નકારાત્મક પ્રતિભાવ આપ્યો નથી. બસ ‘હા’ શબ્દ દ્વારા આજ્ઞા પાલન કરવાનું કર્તવ્ય કરતાં રહ્યા હતાં. પરિણામ સ્વરૂપે કૌરવો પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

જ્યારે કૌરવો એ ‘હા’ શબ્દને માત્ર ખુશામતમાં ખોઈ નાંખ્યો હતો. અર્થાત્ વ્યવહારનું રૂપાળું નામ આપી જૂઠી ‘હા’ ભણે છે તે ‘હા’ના હાર્દ સુધી પહોંચી શકતો નથી. પરિણામ સ્વરૂપે કૌરવોનો પરાજય થાય છે.

જ્યારે આપણે ‘હા’ કહીએ છીએ ત્યારે તેમાં સામી વ્યક્તિના પ્રશ્નોનો ઉત્તર તો આવે જ છે. પણ તે સાથે સામાના અસ્તિત્વનો એકરાર પણ આવે છે. ‘હા’નું સાચું સ્વરૂપ તો જીવનની હકારાત્મક દ્રષ્ટિમાં જોવા મળે છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિએ વાત અત્યંત સૂચક છે. ક્યાં ‘ના’ કહેવી એના કરતાં ક્યાં ‘હા’ પાડવી એ વધુ મહત્વનું છે. ‘હા’ને જે જૂઠ્ઠા શબ્દરૂપે પ્રયોજે છે, એ જીવનના દંભને વધુને વધુ પોષે છે.

‘હા’ એક એવો એકરાર છે કે જે જીવનને જીવનના પ્રશ્નોને નવો વળાંક આપી શકે. પણ એ ‘હા’ યસમેનની ‘હા’ હોય તો એનો રણકાર બોદો નીકળે છે. ઘણીવાર તો પ્રશ્નોથી પલાયન થઈ જવા આપણે ‘હા’ પાડી બેસીએ છીએ. પણ ‘હા’ ઉચ્ચારવી કે ના ઉચ્ચારવી એમાં જ આપણી જિંદગીનો સાચો વિવેક સમાયેલો છે. ‘હા’ જીવનની એકરાગીતાનું સૂચન કરે છે. પણ વિચારોના અલગ અસ્તિત્વનો ઈન્કાર નથી કરતો. ‘હા’ને હર્ષ સાથે વિશેષ સંબંધ છે. કારણ કે ઈન્કાર કરતાં એકરાર સાંભળવાને માનવી વધુ ટેવાયેલો છે. ‘હા’ માં સુખ એક ઓછી સુંગધ છે પણ દરેક વખત સુખની લહેરખી લઈને આવે છે એવુંયે નથી. કયા પ્રકારની અને કયા સ્વરૂપની ‘હા’ છે એના ઉપર એનો ઉત્તર અવલંબે છે.

‘હા’ ક્યારેક આનંદની સરિતા બનીને આવે છે તો ઘણીવાર મૃગજળનો પણ ભાસ કરાવે છે. ત્યારે મૃગજળમાં મોહી પડનારા આપણે માનવીઓને મૃગજળ જેવું મીઠું ભાસે છે તેમ ‘હા’ પણ મીઠી લાગે છે.

‘ના’ એક એવો શબ્દ છે જે હજારો શબ્દોની શક્તિ ધરાવે છે. ‘ના’ શબ્દ કાને પડતાં જ આપણે જાણે શક્તિહીન બની જઈએ છીએ. ‘ના’ એક એવો ઈન્કાર છે જેનામાં જમીન દોસ્ત કરવાની અણુશક્તિ રહેલી છે. જો કે એ જ ‘ના’ વ્યક્તિ સમૂહના વિનાશનું કારણ પણ બની શકે છે. જેના સાચાં પરિણામો મહાભારત અને રામાયણના અનેક પ્રસંગોમાંથી આપણે ‘ના’ શબ્દના પ્રતિભાવથી કેવી વિનાશ જ્વાળાઓ પહેલાં મનમાં, પછી વાણીમાં અંતે યુદ્ધમાં પરિણમી છે. એ આપણે ભલીભાતી જાણીએ છીએ.

સામાન્ય રીતે માનવી પોતાની અપેક્ષાના ગર્ભમાં ‘હા’ શબ્દ સાંભળવા ટેવાયેલો છે. પણ જ્યારે એ ‘ના’ શબ્દ સાંભળે છે ત્યારે પોતાની

(અનુસંધાન પેજ નં. 26 પર)

# સફળતાનો આધાર સમય વર્તે સાવધાન

## બ્ર.કુ. ગાયત્રીબેન, કોલાબા, મુંબઈ

દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા મેળવવાનું ઈચ્છે છે. નિષ્ફળતા માનવીને ઉદાસ બનાવે છે, તો સફળતા વ્યક્તિમાં ઉમંગ-ઉત્સાહ લાવે છે, તેની હિંમત તથા સાહસમાં વધારો થાય છે. સફળતાની પ્રાપ્તિની ખુશી અનેરી છે. સફળતા મળતી રહે તો વ્યક્તિ વધુ ને વધુ પ્રગતિ કરી શકે છે, જેનો લાભ રાષ્ટ્રને પણ થાય છે સફળતા મેળવવા અનેક ગુણો જરૂરી છે, જેમાં સમય-પાલનનો ગુણ અતિ આવશ્યક છે. આ અંગે જાણીતું વાક્ય છે. 'સમય વર્તે સાવધાન.'

સમયના મહત્ત્વને પણ જાણવું જરૂરી છે. Time is Money. સમય ધન છે. એમ કહી શકાય કે, સમય ધન કરતાં પણ વધુ કીમતી છે, કારણ કે સંપત્તિથી વીતેલી એકાદ પળ પણ ખરીદી શકાતી નથી. ગુમાવેલું ધન તો ફરી પુરુષાર્થ કરી પાછું મેળવી શકાય છે, પરંતુ ગુમાવેલો વેડફેલો સમય તો પાછો પ્રાપ્ત થઈ શકતો નથી. સમય મૂલ્યવાનની સાથે સાથે બળવાન પણ છે. જે સમયના મહત્ત્વને જાણી તેનો સદુપયોગ કરે છે, તે વ્યક્તિ સંસાર રૂપી સાગરમાંથી સફળતાના મોતી પ્રાપ્ત કરે છે. જે સમયનું મૂલ્ય જાણે તે જ્ઞાની પુરુષ ગણાય છે. આથી પ્રવર્તમાન સમયને વ્યર્થ કે બુરા સંકલ્પ, વ્યર્થ કે બુરા બોલ, વ્યર્થ કે બુરા કર્મમાં વ્યતીત કરશો નહિ. સમયના મહત્ત્વને જાણી આળસ અને અલબેલાપણું છોડો. કુંભકર્ણની અજ્ઞાન નિદ્રામાં સમયને બગાડશો નહિ. સ્વામી વિવેકાનંદે પણ લક્ષ્ય પ્રાપ્તિ માટે યોગ્ય જ કહ્યું છે કે, 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકશો નહિં.' આળસુ બની પડ્યા ન રહો. 'આળસુ મન તો શેતાનનું કારખાનું છે.'

દરરોજ એક દિવસમાં આપણને કેટલો બધો સમય મળે છે? રોજના 24 કલાકમાં ગણતરી કરીએ તો 86400 સેકંડો મળે છે. ઊંઘ તથા દૈનિક રૂટીન કાર્યોને બાદ કરતાં બાકીના સમયમાં આપણે શું કરીએ છીએ? ધનના હિસાબની સાથે-સાથે સમયનો પણ હિસાબ રાખો. સમયનું પણ બજેટ બનાઓ. રોજની દિનચર્યાનું સમયપત્રક બનાવો. પ્રત્યેક મિનિટને સફળ કરો. ચાર્ટ રાખો. કામ કરવા માટે ડાયરી, રોજનીશી, ચાર્ટ, પોતામેલ રાખવાથી તમે ન ધારી હોય તેવી જ્વલંત સફળતા મેળવી શકશો. ઈતિહાસ તેનો સાક્ષી છે. મહાત્મા ગાંધી તથા અન્ય મહાન પુરુષોએ રોજનીશી રાખીને ઉજ્જવળ સિદ્ધિઓ પ્રાપ્ત કર્યાના ઉદાહરણો મોજૂદ છે. દરરોજ રાત્રે શ્રેષ્ઠ કર્મ, ખરાબ કર્મ કે વ્યર્થમાં કેટલો સમય પસાર કર્યો તેનું આત્મનિરીક્ષણ કરો. સ્વચેકિંગ દ્વારા સ્વઉન્નતિ કરતા રહો. હાલની સ્વઉન્નતિ કરતા રહો. હાલની ભારતની ગરીબી માટે આળસપણું, ભાગેડુ વૃત્તિ, કામચોરી, પલાયનવાદ તથા સમય પ્રત્યે લાપરવાહી વિશેષ જવાબદાર છે. કલિયુગ અંત અને સતયુગના પ્રારંભ વચ્ચેના આ સંગમકાળનો મોટો ખજાનો છે. સમયનું આટલું બધું પુષ્કળ મહત્ત્વ જાણવાથી તો ઊંઘ હરામ જ થઈ જાય ને!

નેસ્ટ્રોડોમસ જેવા ભવિષ્યવેત્તાઓએ 21મી સદીને ભયંકર વિનાશકારી ગણાવી છે. નવસર્જનની પહેલાં હાલની જર્જરિત દુઃખમયી દુનિયાનો વિનાશ સ્વાભાવિક ઘટના છે. 26મી જાન્યુઆરી 2001ના રોજ ગુજરાતમાં થયેલા ભૂકંપે જાનમાલની કેટલી બધી ખુવારી કરી હતી.

આગના તત્ત્વે પણ ગોધરાકાંડ અને પછી બનેલી આગથી બાળી નાંખવાની ઘટનાઓએ કેટલો નરસંહાર કર્યો! પ્રકૃતિના પાંચે ય તત્ત્વો એક સાથે વિફરે અને બધી જગ્યાએ કોપાયમાન થાય તો આ સૃષ્ટિનું શું થાય? વર્ગવિગ્રહ કે આંતર-વિગ્રહની એંધાણીઓ પણ દેખા દે છે ને! આ ઉપરાંત વૈજ્ઞાનિકો દ્વારા શોધાયેલા અણુબોંબો અને મિસાઈલ્સ ધાણીની માફક ફૂટે તો? મહાવિનાશ જ થાય ને! વિનાશ પછી શું? આપણો અવિનાશી ભારત દેશ વિશ્વમાં આધ્યાત્મિક ક્ષેત્રે નેતૃત્વ સંભાળીને 'નૂતન સ્વર્ણિમ ભારત'ની ભેટ આપશે. ભારત જે સોનાની ચીડિયાનો દેશ હતો તે સતયુગ પ્રારંભ થતાં ફરી પાછો બનશે. તત્ત્વચિંતકો પળે પળના સમયનો સદુપયોગ કરવા માટે બોધપ્રદ વિધાન 'માથા ઉપર ઝીણા બારીક વાળથી બાંધેલી લટકતી ખુલ્લી - નગ્ન તલવાર સદા રહેલી છે.' તેવું સમજીને ચેતી જવાનું જણાવે છે. સમય વર્તે સાવધાન. દરેક ક્ષણનો સદુપયોગ કરો.

અત્યારે તો મૃત્યુનો કોઈ ભરોંસો નથી. હોલસેલમાં મૃત્યુનું બજાર ગરમ છે, તો વ્યક્તિગત જીવનમાં પણ એક્સીડેન્ટ કે હાર્ટફેલની ઘટનાઓથી થતા મૃત્યુ મોટા પ્રમાણમાં જોવા મળે છે. મૃત્યુની સમીપતા સમજવાથી જ, જીવનમાં સાથે આવનાર અવિનાશી કમાણી પ્રાપ્ત કરવા માટેનો આધ્યાત્મિક પુરુષાર્થ તીવ્ર બને છે. સિકંદર જેવા વિશ્વવિજેતા સમ્રાટે પણ કહ્યું હતું કે, 'મારા મૃત્યુ પછી મારી નનામી બાંધતાં, બંને હાથ બહાર રાખજો,' જેથી દુનિયાના લોકોને ખબર પડે કે, સિકંદરે ભલે દુનિયાને જીતી, પણ સાથે કશું જ લઈ ગયો નહિ. તો સાથે શું આવશે? પાપ અને પુણ્યની ગઠરી, હાલ જીવતાં જીવત શ્રેષ્ઠ કર્મો દ્વારા મળેલ પુણ્યની અને ખરાબ કર્મો દ્વારા મળેલ પાપની ગાંસડી સાથે આવશે. પુણ્યથી સુખ મળે છે તો પાપથી દુઃખ પ્રાપ્ત થાય છે. તેથી હવે નવેસરથી પાપ ન થાય તેવા બુરા કર્મ કે દુઃખદાયી બોલથી મુક્ત રહો. અગાઉ થઈ ગયેલા પાપકર્મોને યોગના અગ્નિથી બાળો તે માટે પ્રભુપિતાને પ્રેમપૂર્વક નિરંતર યાદ કરો. સારાં શ્રેષ્ઠ કર્મો દ્વારા માનવસેવા તથા ઈશ્વરીય સેવા કરી પુણ્યને એકઠું કરો. આ બધું કરવા માટે સમયના મૂલ્યને - મહત્વને સમજો.

કેર નામના તત્ત્વચિંતકે યોગ્ય જ કહ્યું છે કે, 'સમયનો સદુપયોગ કરવા માટે આપણે દરરોજ એ રીતે જીવવું જોઈએ કે, જાણે પ્રત્યેક દિવસ આપણા જીવનનો અંતિમ દિવસ હોય.' જીવનનો કોઈ ભરોંસો નથી એમ સમજી આ ક્ષણથી જ ચેતી જાઓ. સમય વર્તે સાવધાન. ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું છે? સમય માટે બોધપ્રદ સ્લોગન સદા યાદ રાખો. 'આજ આપની, કાલ કાળની.'

સમયનો નાનકડો કણ એટલે ક્ષણ. હરેક સેકંડ-ક્ષણનું ખૂબ મહત્ત્વ છે. રાજા જનકે સેકંડમાં જીવનમુક્તિ મેળવ્યાનું ગાયન છે. એકેક ક્ષણ સાર્થકતાના પારસનો સ્પર્શ પામીને સુવર્ણ બની જજાય છે. એક ક્ષણમાં તમે ચોકલેટ આપીને રડતા બાળકને ખુશ કરી શકો. ક્ષણમાં જીવનની બાજી પલટાવી શકાય છે. મરણોન્મુખ દરદીને એક ક્ષણમાં ઉપયોગી ઈંજેક્શન આપી જીવતદાન આપી શકાય છે. કહેવાય છે કે, 'જે ક્ષણને જાણે છે, તે જીવનને જાણે છે. જેની ક્ષણ સુધરી, તેનું જીવન સુધર્યું.'

**॥ ઓમશાંતિ ॥**

- **જીવનમાં દરેક પરિસ્થિતિનો સામનો કરવો જ પડશે. તો શા માટે પ્રેમથી સામનો ન કરીએ?**

# કવિતા

## બ્ર.કુ. જૂનાગઢ સેન્ટર

### બ્રાહ્મણ જીવન

સમજણનો સરવાળો એટલે ડ્રામાનું રાજ,
કાર્ય વ્યવહાર બસ ઈશ્વર ને કાજ,
ભૂતકાળના અનુભવનાં અંદાજ અનેરા,
અનેરાથી બનતા અનોખા બ્રાહ્મણ,
વેદનાનાં વાદળોનું સહન કરવું
બન્યું શક્તિ સ્વરૂપ,
સ્વરૂપે એજ, રૂપ જુદા,
જાણે ઓલી દુનિયાના ફરિશ્તા,
આશિયાનાં બનશે સોના હીરાના,
પછી ક્યાં રેવાના શિવની યાદોમાં,
મન માણેક બન્યા,
થનગની ઉઠ્યા જાણે મોર બની,
રંગબેરંગી દુનિયામાં જવા,
અમે હળવા થઈ ઊડી જવાના,
આદત વિકારને વિદાય દઈ,
આવકાર્યા સદગુણ, શક્તિને,
ત્યાર પછી અમે સંપૂર્ણ, સમ્પન થઈ જવાના,

### બિંદુ

વિચારોના વમળોને લાગ્યું બિંદુ,
સિંધુ નાં સાગરે કીધું બનો બિંદુ,
સમજણનાં સથવારે વાગોળતા જ્ઞાનનાં બિંદુ,
નાહવા સિંધુમાં ડૂબકી લગાવી, મનન ચિંતનની,
સજવું, સવરવું, મરવું ને તરવું,
બધું અધ્ય મારું સિંધુનાં બિંદુમાં,
આદમ બીવી ,માત-પિતા નાં ઋણે,
કરુણા, રહમ, શિવ સિંધુ નાં બળે,
બન્યા ઘણા દેહભાનથી આતમ બિંદુ,
માન્યા સિંધુ સાગરને અમે પરમ બિંદુ,
આથમતા કળિયુગમાં ઓજસ બિંદુ,
ઉગતા સ્વર્ગમાં અદ્રશ્ય સિંધુ,
એકનાં આટલા અળગા દેહ-પૂતળા,
બની બિંદુ જશે, ને મળશે સિંધુ ને,
સિંધુ સમજાવતો સમજણનું કમળ,
ત્યાં જ સમ્યુ વિચારોનું વમળ બિંદુમાં.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 17નું અનુસંધાન)... રક્ષાબંધન**

પ્રેમના મૂલ્યો - સદ્ગુણોનું યાદગાર પર્વ છે. પવિત્રતા પ્રકાશ છે, શક્તિ છે, મહાનતા છે, પર્સનાલિટી છે. પવિત્રતા જ સુખશાંતિની જનની છે, રક્ષાબંધન એ ભાઈબહેનના પવિત્ર પ્રેમની યાદગાર છે. પવિત્રતા અને પ્રેમના મૂલ્યો આજના સમયની સર્વ સમસ્યાઓનો ઉકેલ છે. રક્ષાનું આ પવિત્ર બંધન આપણને આધિ-વ્યાધિ ઉપાધિમાંથી છોડાવે છે, આત્માઓને યાતનાઓ, દુઃખો, વ્યસન, વિષય વિકારોમાંથી મુક્ત કરી સાચી સુરક્ષા પ્રદાન કરે છે. શિવ પરમાત્મા જનકલ્યાણ માટે આ પર્વ મનાવે છે. શિવ પરમાત્મા સાથે પોતાને આત્મા સમજી રાજયોગ દ્વારા કનેક્શન જોડવાથી પાપો બળે છે, કાટ દૂર થાય છે, દિવ્ય ગુણોની ધારણા થાય છે અને આત્મા પૂર્ણિમાના ચંદ્ર સમાન સોળેકળા સંપૂર્ણ બની ભવિષ્યમાં આવી રહેલ સતયુગી સ્વર્ગીય દુનિયાનો અધિકારી બને છે. આમ રક્ષાબંધન ઈશ્વરીય સંરક્ષણ પૂરું પાડનાર હોવાથી ઈશ્વરીય સુરક્ષા માટેનું રક્ષાબંધન કહેવું સર્વથા યથોચિત ગણાય.

**॥ ઓમશાંતિ ॥**

# તપોવન - સાદગી યુક્ત વિશેષ સેવાસ્થાન

## બ્ર.કુ. સુનિતાબેન, ભરૂચ



આદરણીય રાજયોગિની મીઠી માઁ સમાન પરમ શ્રધ્ધેય જાનકી દાદીજી માર્ચ - 2011માં ભરૂચ સેવાકેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે આવ્યાં. ભરૂચના સર્વ બ્રાહ્મણકુલ ભૂષણને વરદાનોથી ભરપૂર કર્યાં. સાથે સાથે વાલીઆ સેવાકેન્દ્રના નવા ભવનનું ખાત્‌મૂહુર્ત પણ દાદીજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય સંસ્થા બ્રહ્માકુમારીઝના ચીફ તેમજ દેશ-વિદેશના બ્રહ્માવત્સોને પાલના આપનાર મહાન વિભૂતિ એવા દાદીજી વાલિઆમાં આવે એ જ અમારું અહો સૌભાગ્ય કહેવાય.

ભરૂચ અને વાલીઆ મુકામે થયેલ સ્ટેજ પ્રોગ્રામમાં ગણમાન્ય મહાનુભાવોને દાદીજીએ ઈશ્વરીય જ્ઞાનની રોશની આપી. નિરાકાર પરમપિતા શિવ પરમાત્માના સંદેશની લહેર ફેલાવી. સ્થાનિક બ્રહ્માવત્સોને દાદીજી ખૂબ નજીકથી મળી માતૃવત્ સ્નેહ આપ્યો. વાલીઆ વિસ્તારમાં ભવિષ્યની ઈશ્વરીય સેવાનું લક્ષ્ય આપ્યું. દાદીજીનું વરદાન - 'એસા બડા સ્થાન બનાઓ. મેં દેશ વિદેશ સે બચ્ચો કો ભેજુંગી..' દાદીજીના હૃદયોદ્‌ગારથી બ્રાહ્મણ પરિવારમાં એક નવા જ પ્રકારના ઉમંગ-ઉત્સાહનો સંચાર થયો.

ભરૂચના આદિ રત્ન બી.કે. ઝવેરભાઈએ ત્યારબાદ જુલાઈ 2011માં સામાજીક, શૈક્ષણિક સેવાર્થે સાર્વજનિક ટ્રસ્ટ (વિશ્વ કલ્યાણકારી મહાજ્યોતિ ટ્રસ્ટ) બનાવી ગર્વમેન્ટમાં રજીસ્ટર કરાવ્યું. તેઓની સાથે બી.કે. ભાઈ-બહેનો સહયોગી બન્યાં. આ ટ્રસ્ટ બ્રહ્માકુમારીઝ સંસ્થા સાથે રહીને વાલીઆ તાલુકામાં ઈશ્વરીય સેવાર્થે નિમિત્ત બન્યું. ટ્રસ્ટના માધ્યમથી પઠાર મુકામે જમીન લઈ 'તપોવન' સંકુલની શરૂઆત કરવામાં આવી. તેમાં જરૂરી બાંધકામ પણ થયું. વખતોવખત નાની મોટી સેવાઓ થતી રહી. ઘણાં બધા ફળ વૃક્ષો વાવ્યાં અને જતન કર્યું. એકાંત, પ્રદૂષણમુક્ત કુદરતી વાતાવરણ, પક્ષીઓના મધુર અવાજ સાથે ઓર્ગેનીક અનાજ, કઠોળ, શાકભાજી અને ફળ ફળાદિની ઉપજ મળતી રહી. સાથે ગૌ શાળા પણ શરૂ કરી. જેથી ખેતી માટે કુદરતી ખાતર અને ગૌ મૂત્રનો લાભ જમીનને મળતો રહ્યો.

જુલાઈ 2022માં 'તપોવન' સેવા સંકુલમાં નેચેરોપેથી સેન્ટર બનાવવામાં આવ્યું. જે અંગે મધુબન મહાયજ્ઞના મહારથીઓ ભ્રાતા રાજયોગી નિર્વૈરભાઈજી, ભ્રાતા રાજયોગી બ્રીજમોહન-ભાઈજી ભ્રાતા કરૂણાભાઈજીને ઝવેરભાઈ તથા ટ્રસ્ટીઓએ રૂબરૂ મળી જાણ કરી. તેઓના આશીર્વચનથી સ્વાતંત્ર્ય દિન 2022 થી 'તપોવન' સંકુલમાં નેચરોપેથી સેન્ટર શરૂ કર્યું. વર્તમાન સમય આરોગ્ય જાળવવું એક પડકાર છે. બાબાના ઈશ્વરીય મહાવાક્યો અનુસાર - 'આનેવાલે સમય મેં ન ડોક્ટર હોગા, ન દવાઈ હોગી..! અનાજ ભી

ખાને યોગ્ય નહીં હોગા..' ઉપરાંત શાકભાજી અને ફળફળાદિમાં પુષ્કળ જંતુનાશક દવાનો છંટકાવ થાય છે. જેની સીધી અસર આપણાં આરોગ્ય પર પડે છે. આવા પ્રદૂષિત આહારથી નવા નવા રોગોનું અચાનક નિદાન થાય છે. જેનો પ્રાકૃતિક ઉપચાર, દવા વગર કરવાના શુભ આશયથી આ નેચરોપેથી સેન્ટર ટ્રસ્ટના બંધારણીય હેતુઓ મુજબ શરૂ કરેલ છે. છેલ્લાં નવ-દશ મહિનામાં દેશ-વિદેશથી આવેલ અનેકાનેક જરૂરતમંદ સાધકોએ આ નેચરોપેથી સેન્ટરનો લાભ લીધો. સર્વેએ પરિણામ મળવાથી પોતાના સ્વાનુભવો ખુશીથી રજૂ કરી અમારા નેચરોથેરાપીસ્ટ ડોક્ટર ભાઈ-બહેનો તથા સેવાધારીઓનો ઉમંગ-ઉત્સાહ વધાર્યો. ટ્રીટમેન્ટની સાથે શુદ્ધ, સાત્વિક, ડાયેટ, અમૃતવેળા યોગ, મુરલી ક્લાસ અને એક્સરસાઈઝ પણ દિનચર્યાનો ભાગ છે. મધુબન નિવાસી, સર્મપિત ટીચર્સ તેમજ અન્ય રાજ્યોમાંથી પણ સાધકો 'તપોવન' આવીને નેચરોપેથી લાઈફ સ્ટાઈલ અપનાવી રહ્યા છે.

આવા સુંદર પ્રાકૃતિક અને સાદગીભર્યા સેવાસ્થાનમાં અવાર-નવાર જ્ઞાન-યોગ તપસ્યાની ભઠ્ઠીઓ પણ સ્થાનિક બ્રાહ્મણ પરિવાર માટે રાખવામાં આવે છે. આજુબાજુ વિસ્તારમાં સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ થાય છે. જેમાં સ્થાનિક વહીવટી તંત્ર અને ગ્રામજનોનો પણ સારો સહકાર મળે છે. જ્ઞાન-યોગ-ધારણા-સેવાના મૂળભૂત ઈશ્વરીય સિધ્ધાંતો અને શ્રીમત આધારિત 'તપોવન' સેવાસ્થાન આજે વટવૃક્ષ બની રહ્યું છે.

અત્યાર સુધીના સમગ્ર વિકાસ અને સેવા માટે પાયામાં ઈશ્વરીય શક્તિ છે. આદરણીય જાનકી દાદીજીનો શક્તિશાળી સંકલ્પ અમારામાં બળ ભરી રહ્યો છે. હાલમાં 'તપોવન' ખાતે 12 સમર્પિત ભાઈ-બહેનો સેવા આપી રહ્યા છે. જેમાં માતાઓ અને અધરકુમારોનો પણ અનન્ય સહયોગ મળે છે. ઘણાં શિક્ષિત મુલાકાતીઓ આવ્યા અને તપોવનની સાદગી, ભવ્યતાથી પ્રભાવિત થયા છે. શાંતિનો અનુભવ સંકુલમાં પગ મૂકતાંની સાથે સ્વાભાવિક રીતે થાય છે.

વધુમાં ભ્રાતા રાજયોગી નિર્વૈરભાઈજી, ભ્રાતા કરૂણાજીની શુભ રાયથી તથા મધુબન સીએ લલિતભાઈના માર્ગદર્શન હેઠળ અત્રેના ટ્રસ્ટે 'તપોવન' સંકુલની 2 એકર જમીન બાંધકામ સહિત 'રાજયોગા એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન'ને માર્ચ 2023માં બક્ષીસ દસ્તાવેજથી ભેટ આપેલ છે. મધુબન મહાયજ્ઞ સાકારમાં એક માત્ર હયાત દાદીજી એવા રાજયોગિની આદરણીય રતનમોહિનીજીનું સહીવાળું સેવાકેન્દ્રનું સર્ટિફીકેટ પણ મળેલ છે. 'તપોવન' સેવાસ્થાન ભરૂચ સેવાકેન્દ્ર સંચાલિત, મણિનગર સબઝોનમાં સરલાદીદીજીના શુભ પ્રયાસોથી સમાવિષ્ટ થેયલ છે. દીદીજી સાકારમાં હતા ત્યારે 'તપોવન' મુલાકાતથી સંતુષ્ટ થયા. હાલમાં નેહાબેન નેતૃત્વ સંભાળી રહ્યા છે.

અવ્યક્ત બાપદાદા, મીઠી માઁ (મમ્મા) તથા એડવાન્સ મહાન આત્માઓનું બળ અસંભવને સંભવ કરી રહ્યાનો અનુભવ થઈ રહ્યો છે. બાપદાદાની શક્તિસંપન્ન દૃષ્ટિ જાણે હર પલ મળી રહી છે.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

## સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જુલાઈ–૨૦૨૩ માસની શબ્દાવલી ભાગ–૩૨ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૩૩ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૩૩ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી : ભાગ-૩૩

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | | 3 | 4 | | 5 | | 6 |
| | | | | 7 | | | 8 | 9 | |
| 10 | 11 | | | 12 | | | | 13 | |
| | | | 14 | | | | 15 | | |
| 16 | | | 17 | 18 | | 19 | | | |
| | | | 20 | | 21 | | 22 | | |
| | 23 | 24 | | | 25 | | | | |
| 26 | | 27 | | | | | | 28 | |
| | | | | 29 | 30 | 31 | 32 | | |
| 33 | | | | | 34 | | | | |

### શબ્દાવલી ભાગ-૩૨ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 મ | ન | મો | 2 હિ | 3 ની | 4 વ | ન | | | 5 સા |
| હા | | | 6 ટ | ગ | ર | | 7 જુ | 8 લા | ઈ |
| 9 ભા | 10 ખ | રી | | 11 રા | ખ | | 12 તિ | લ | ક |
| 13 ર | ત | | | ની | | 14 વે | | | લ |
| ત | | 15 તા | | | 16 ઉ | પ | 17 વા | 18 સ | |
| | 19 ગુ | લા | 20 બ | | 21 પ | રો | પ | કા | 22 ર |
| 23 સા | રૂં | | 24 મ | દ | દે | | 25 સ | શ | ક્ત |
| | 26 પુ | 27 રા | ણું | | 28 શ | 29 મા | | | દા |
| 30 સ્વ | ર્ણિ | મ | | 31 ફૂ | | 32 લ | વ | 33 લી | ન |
| 34 ર | મા | | | 35 પા | ર્વ | તી | | લી | |

**આડી ચાવીઓ:–**

૦૧. દાદી પ્રકાશમણિનો પુણ્ય સ્મૃતિ દિવસ એટલે(૮)
૦૭. સેવા કરો તો ..... મળે (૨)
૦૮. નિયત (૩)
૧૦. કાચનો એક પ્રકાર (૨)
૧૨. અભિગમ, વૃતિ (૩)
૧૩. આવડત (૨)
૧૫. ઉનાળાનું એક ફ્રુટ (૩)
૧૬. ભાઈ–બહેન કા પવિત્ર.... (૪)
૧૭. પાણીમાં ....ના બારીક સૂક્ષ્મ કણ હોય (૨)
૧૯. ..... અને નીર (૨)
૨૦. આલીશાન મકાન (૩)
૨૨. પેન (૩)
૨૩. ખુશ્બુ, સુવાસ (૩)
૨૫. પારસીઓનો મુખ્ય તહેવાર (૩)
૨૭. રાષ્ટ્ર.... – જન, ગણ, મન...(૨)
૨૮. રૂહ, સ્પિરીટ, સોલ (૩)
૨૯. પુરૂષોત્તમ માસ (૫)
૩૩. ગરજતે ..... બરસતે નહી (૩)
૩૪. ખોજ, આવિષ્કાર, શોધ (૪)

**ઊભી ચાવીઓ:–**

૦૧. વિષ્ણુનું ..... સ્વરૂપ (૩)
૦૨. યહ બંધન તો પ્યાર કા ..... હૈ (૩)
૦૩. ..... માતા સ્ચ પિતા ત્વમેવ (૩)
૦૪. ભીત, અંગ્રેજીમાં 'વૉલ' (૩)
૦૫. નિરંતર, અવિરત (૨)
૦૬. શ્રાવણ સુદ સાતમ, ટાઢી સાતમ (૬)
૦૯. કોપી (૩)
૧૧. ..... રૂપ રચકર, સુક્ષ્મ વતનમાં હોય (૩)
૧૪. શ્રાવણ સુદ પુનમ, નારીયેળી પુનમ (૫)
૧૫. કોઈ બચ્ચે બાપ કો ભી ..... દે દેતે (૪)
૧૬. સમાજમાં .....રિવાજ હોય (૨)
૧૮. નસ, નાડી, વેઈન (૨)
૨૧. અદ્દશ્ય (૨)
૨૩. ઓરડો (૨)
૨૪. ..... મુખ મે હો (૪)
૨૬. પદ (૩)
૨૮. ..... કરવાથી તંદુરસ્તી મળે (૩)
૩૦. સંધિ શબ્દને ઉંધો લખો (૨)
૩૧. શોક શબ્દને ઉંધો લખો (૨)
૩૨. કડકડતા શિયાળામાં ..... સ્નાન કરે (૨)



કચ્છ–ભુજ તપસ્યાધામ ખાતે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં 99.98 % સાથે ગુજરાતમાં દ્વિતિય અને કચ્છ જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવનાર કુમારી નિયતીબેન સેજુને સૌગાત આપતાં બ્ર.કુ. રક્ષાબેન.



કચ્છ–ભુજ ઐયાનગર દ્વારા 'યોગ દિવસે' પાનાસોનીક કંપનીમાં યોગના કાર્યક્રમમાં યોગટીચર જશોદાબેન, HR હેડ ભ્રાતા મુકેશભાઈ, વરિષ્ઠ અધિકારી ભાવેશભાઈ, બ્ર.કુ. રીનાબેન, બ્ર.કુ. રશ્મિબેન.



જલાલપોર સેવાકેન્દ્ર ખાતે 'વિશ્વ યોગ દિવસ' કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં યોગ શિક્ષક ભગિની પારૂલબેન, બેંક મેનેજર ભ્રાતા અમનભાઈ, ડૉ. કેયુર સોલંકી, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ભાનુબેન.



ખેડા સેવાકેન્દ્ર દ્વારા Y20 અંતર્ગત આયોજીત 'વૉક ફોર પીસ' કાર્યક્રમમાં બ્ર.કુ. દક્ષાબેન સાથે શાંતિદૂત અભિયાન યાત્રીઓ.




આહવા સેવાકેન્દ્ર દ્વારા 'નશા મુક્ત ભારત અભિયાન' અંતર્ગત સ્કુલમાં સંદેશ સાથે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. ઈનાબેન બાજુમાં બ્ર.કુ. અલ્પનાબેન.



અંબાજી ખાતે 'નશા મુક્ત ભારત અભિયાન'માં ફોરચ્યુન એન્જીનીયરીંગ કંપનીમાં સંદેશો આપતાં બ્ર.કુ. દીપિકાબેન, મેનેજર ભ્રાતા કાંતિભાઈ, બ્ર.કુ. યતિનભાઈ, બ્ર.કુ. ઈન્દ્રવદનભાઈ, સ્ટાફ.



જૂનાગઢમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસે' ખોડલધામ મહિલા સમિતિ સાથે સંલગ્ન યોગના કાર્યક્રમમાં બ્રહ્માકુમાર ભાઈ–બહેનો.



ખોરજ દ્વારા ખોડીયાર ખાતે કન્ટેનર કૉરપોરેશન ડેપોમાં 'નશા મુક્ત ભારત અભિયાન'ની માહિતી આપતાં બ્ર.કુ. હેમનાબેન.



ઉમરગામમાં 'વિશ્વ યોગ દિવસે'માં એમ.એમ. હાઈસ્કુલ ખાતે આયોજીત કાર્યક્રમમાં આચાર્ય ભ્રાતા કલ્પેશકુમાર, યોગટીચર પારૂલબેન, બ્ર.કુ. ચેતનાબેન તથા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ.



વિરમગામમાં 'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ભગિની કંચનબેન IAS, મામલતદાર ભ્રાતા રણજીતસિંહ મોરી, યોગકોચ ભ્રાતા ખેમાભાઈ, બ્ર.કુ. ધર્મિષ્ટાબેન અન્ય આગેવાનો.




સુરત મોટા વરાછામાં 'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમમાં બ્રહ્માકુમાર ભાઈ–બહેનો, બ્ર.કુ. મીનાબેન, બ્ર.કુ. રૂપલબેન, બ્ર.કુ. કિરણબેન.



વ્યારા સેવાકેન્દ્રમાં ૨૧મી જૂને 'યોગ દિવસે' કાર્યક્રમમાં પધારેલ યોગટીચર ભગિની અમીષાબેન સાથે બ્ર.કુ. દીપાબેન તથા અન્ય.




કેશોદ સેવાકેન્દ્ર ખાતે રોટરી ક્લબ ઑફ કેશોદના ૧૯માં 'પદ નિયુક્તિ' સમારંભમાં રોટરીના ડિસ્ટ્રીકટ ગર્વનર ભ્રાતા નિહીરભાઈ અને ભગિની વૈશાલીબેનને ઈશ્વરીય સૌગાદ આપતાં બ્ર.કુ. રૂપાબેન.



રાજકોટ રવિરત્ન ખાતે 'ગુરૂપૂર્ણિમા'ના દિવસે બ્ર.કુ. નલિનીબેનનું સન્માન કરતાં શહેર BJP મંત્રી શિલ્પાબેન જાવિયા, કૉરપોરેટર દક્ષાબેન વસાણી, જાગૃતિબેન, શિક્ષણ સમીતીના સભ્ય મનીષાબેન.



સુરત સરથાણ સેવાકેન્દ્ર દ્વારા Y20 અંતર્ગત આયોજીત 'વૉક ફોર પીસ'માં બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. ઉષાબેન સાથે યાત્રીઓ.




કલોલ ખાતે 'વિશ્વ યોગ દિવસે' કાર્યક્રમમાં સત્વ રેસીન્ડેન્સીના પ્રમુખ અરવિંદભાઈ, મંત્રી ભાવેશભાઈ, ભીખાભાઈ, બ્ર.કુ. અરૂણાબેન, ડૉ. દામિનીબેન, બ્ર.કુ. જીજ્ઞાસાબેન, બ્ર.કુ. જીજ્ઞેશભાઈ.

*Gyan Amrit* Vol.16 | Issue 07 | August 2023 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટ પંચશીલ ખાતે 'નશા મુક્ત ભારત અભિયાન'નું ઉદ્દ્યાટન કરતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, એમ્સ હોસ્પીટલના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ.(કર્નલ) CDS કાટોચ, નશાબંધી વિભાગના પ્રમુખ ભ્રાતા શાંતિભાઈ ચાણપુરા, જિલ્લા બાળ સુરક્ષા એકમના પ્રમુખ ભ્રાતા મિલનભાઈ પંડિત, નશાબંધી વિભાગના ઈન્સ્પેટર ભગિની પ્રિયંકાબેન, બ્ર.કુ. કિંજલબેન, બ્ર.કુ. આરતીબેન તથા અન્ય.



દાહોદમાં ૨૧મી જૂને જીલ્લા કક્ષાએ આયોજીત 'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમમાં ગુજરાત સરકારના પંચાયત અને કૃષિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી ભ્રાતા બચુભાઈ ખાબડ, MP જસંવતભાઈ ભાભોર, કલેક્ટર ભ્રાતા ડૉ. હર્ષિત ગોસાવી IAS, DDO ભ્રાતા ઉત્સવ ગૌતમ IAS, DSP ભ્રાતા બલરામ મીણા IPS, બ્ર.કુ. કપિલાબેન તથા સમૂહચિત્રમાં અન્ય બ્ર.કુ. ભાઈ-બહેનો.




અમદાવાદ મહાદેવનગર સેવાકેન્દ્ર દ્વારા Y20 અંતર્ગત આયોજીત 'વૉક ફોર પીસ' કાર્યક્રમના શુભારંભમાં યુવા પ્રભાગના વાઈસ ચેરપર્સન બ્ર.કુ. ચંદ્રિકાબેન સાથે સ્વામી વિવેકાનંદ ગુજરાત યુવા બોર્ડના કૉર્ડીનેટર ભ્રાતા કૌશલભાઈ દવે, વ્યાપારી વિજયભાઈ તથા પ્રીતિબેન, યુવા પ્રભાગના રાષ્ટ્રીય સંયોજીકા બ્ર.કુ. કૃતિબેન, વિશિષ્ટ અતિથિઓ તથા શાંતિયાત્રાના યાત્રી બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.



મહેસાણા ખાતે 'વિશ્વ યોગ દિવસે' આયોજીત કાર્યક્રમમાં MLA ભ્રાતા મુકેશભાઈ પટેલ, મહેસાણા BJP પ્રમુખ ભ્રાતા ગીરીશભાઈ રાજગોર, APMCના ચેરમેન ભ્રાતા રામભાઈ પટેલ, ગ્રામ વિકાસ પ્રભાગના ચેરપર્સન બ્ર. કુ. સરલાબેન અને બ્ર.કુ. કુસુમબેન.



વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર ખાતે 'વિશ્વ યોગ દિવસ'ના ઉપલક્ષ્યમાં આયોજીત કાર્યક્રમમાં યોગા કરતાં નવાપુરા પોલીસ સ્ટેશનના પોલીસકર્મી ભાઈ-બહેનો, યોગાચાર્ય ભ્રાતા અશોકભાઈ, બ્ર.કુ. રાજબેન.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com